# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬

www.jainjagruti.com
www.jainjagruticentre.com
www.jainjagruticentre.org

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કૅબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| આઈ.પી.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | શ્રી પ્રફુલ્લ એમ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી કીર્તિ પી. સખપરા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| ખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

### જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| ચૅરમૅન (ઈલેક્ટ) | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી દિનેશ વી. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી.શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી કિશોર એસ. શેઠ |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી પ્રવીણ જી. શાહ |
| શ્રી કમલેશ સી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| શ્રી રવજી જી. ગાલા | શ્રી અનિલ જી. દોશી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી શૈલેશ ડી. શાહ |

- પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
- કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.

**છૂટક મુલ્ય રૂા.૫/-    વાર્ષિક લવાજમ રૂા.૪૦/-**


## [illegible].....



**આદરણીય સભ્ય સ્વજનો,**

જય જિનેન્દ્ર,

મોસમ છલકે! અષાઢી બીજથી શરૂ થયેલ તહેવારોની મોસમમાં ધાર્મિકતા, રાષ્ટ્રીયતા અને સામાજિકતાનાં રંગબેરંગી ફૂલ ઊગી નીકળે છે જેની મહેક પૂરા વર્ષ દરમિયાન માણીયે છીએ. પર્યુષણ પર્વો, રક્ષાબંધન, પંદર ઑગસ્ટ, કૃષ્ણ જન્મોત્સવ પર્વમાં (સાતમ-આઠમ), ગોવિંદા, ગણેશોત્સવ દરમિયાન ઘેલો થઈ જનાર આપણો યુવા વર્ગ હવે નવરાત્રીના ઠૂમકા લેવા થનગની રહ્યો છે.

આ અંક આપના હાથમાં આવશે ત્યારે શરદપૂર્ણિમાની અદ્‌ભુત રાત્રી પણ ઊજવાઈ ગઈ હશે અને દરેક જણ આતુરતાપૂર્વક દિવાળી કઈ રીતે ઊજવવી તેના આયોજનમાં વ્યસ્ત હશે. આપણા જૈનોમાં દિવાળીના દિવસો દરમિયાન ફટાકડા ફોડી હિંસા નહીં કરવાનો મનસૂબો જોર પકડી રહ્યો છે.

જૈન જાગૃતિ સેન્ટર પણ આવા હાનિકારક રિવાજોને તિલાંજલિ આપવાના શપથ આપે છે. આ સમય દરમિયાન જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ એક અતિમહત્ત્વનો પ્રોજેક્ટ પાર પાડવા કટીબદ્ધ હતું. કારણ આ મોસમ હતી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા કૉલેજોમાં ઍડ્‌મિશન લેવાની.

ચાર વર્ષમાં જૈન જાગૃતિ સેન્ટરના થીમ પ્રોજેક્ટ હાયર એજ્યુકેશન અભિયાને બધા સીમાડા ઓળંગી જૈનોના ઘરઘર સુધી શાખ પ્રસરાવી છે. જેથી આ વર્ષે લગભગ ૮૦૦ વિદ્યાર્થીઓની અરજી પ્રોસેસ કરી અઠવાડિયામાં ચાર દિવસ છ કલાક સુધી કાર્યરત રહી, ઉપરાંત ગુજરાતના વિદ્યાર્થીઓ માટે અમદાવાદ જઈ ઈન્ટરવ્યૂ લઈ અરજીઓ પાસ કરી સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટના પદાધિકારીઓએ સાબિત કર્યું કે તેઓ તન-મન-ધન ઉપરાંત સમયનો સદુપયોગ કરી આ યજ્ઞને સફળ બનાવવા કટીબદ્ધ છે.

હું આ તબક્કે દરેક પદાધિકારીઓનો હૃદયપૂર્વક આભાર માનું છું. આવી ધગશને લઈને જ આપણી સંસ્થા ધબકે છે. દરેક સેન્ટરના ઉત્સાહિત કાર્યકરો-કમિટી મેમ્બરો અને સભ્યોને કયા શબ્દોમાં બિરદાવું? કહેવાય છે કે જ્યારે કાર્ય બોલી ઊઠે છે ત્યારે શબ્દોની જરૂર રહેતી નથી.

આ વર્ષે આપણે ૭૫૫ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે રૂા. ત્રણ કરોડની લોન આપી છે. જેમાંથી બાવન વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ફૉરેન અભ્યાસ કરવા જવા માટેની લોન આપી

છે. ઈન્ટરવ્યૂ લેવાનું અને લોનનું Disburssement પણ હજી ચાલુ જ છે. આવતા ૧૦ દિવસમાં આ વર્ષના યજ્ઞની પૂર્ણાહુતિ થઈ જશે.

આવતા વર્ષ માટે ધાર સજાવવાની છે. આપણા સભ્યો કદાચ પૂછશે કે હજી કેટલાં વર્ષ સુધી આ ચાલશે? તો તેમને મૅસેજ આપવાનો છે કે આવતાં થોડા વર્ષો હજી આપણે સખાવત અપાવવાની છે અને લાવવાની છે, કારણકે જેજેસી દ્વારા હાયર એજ્યુકેશન પામેલા વિદ્યાર્થીઓનો ફાલ આવતાં ચારથી પાંચ વર્ષોમાં તૈયાર થઈ જશે. ત્યાર બાદ તેઓ જ આ યજ્ઞને સંભાળી લેશે. કોઈ પણ જૈન નગુણા નથી હોતા કે તેમની ફરજ ચૂકે! ફક્ત થોડાં જ વર્ષોમાં એવું બનશે કે કોઈ પણ જૈનને આવી લોનની-મદદની જરૂર જ ન રહે. વો સુબહ કભી તો આયેગી!

ગયા અઠવાડિયામાં હું અમેરિકા ગયેલો ત્યારે ત્યાં જેજેસી દ્વારા અમેરિકા ગયેલા વિદ્યાર્થીઓની રૂબરૂ તથા ફોન પર મુલાકાત થઈ. ત્યારે તેઓની પ્રગતિ જોઈને આત્મસંતોષ સાથે પરત આવ્યો.

આ દીકરા-દીકરીઓએ ખુશી સાથે જણાવ્યું કે સારા માર્ક્સ આવવા છતાં અમારી પાસે ઉચ્ચ અભ્યાસ માટે અમારા વડીલોની આર્થિક પરિસ્થિતિના સાપેક્ષમાં અમેરિકા આવવા માટે કોઈ જ વિકલ્પ ન હતો. આ તો જેજેસીએ અમારામાં વિશ્વાસ પ્રેર્યો અને તેની જ શુકનવંતી મદદથી અમારામાં હિંમત આવી અને બધી જ વ્યવસ્થા થઈ ગઈ. અમે જેજેસીનો શબ્દોથી આભાર માનવા કરતા ભવિષ્યમાં કાંઈક કરીને બતાવીશું.

આપણને ખબર છે કે આપણા Norms પ્રમાણે આપણે ફક્ત અમુક ટકા જ લોન આપીએ છીએ જેને એન્જિનિયરિંગ ભાષામાં Initial Torque (પ્રાથમિક ધક્કો) કહેવાય છે જે Torque મળ્યા બાદ ગાડી સડસડાટ ચાલે છે. તેવો ઉત્સાહ પ્રેરતો ધક્કો આપણે જરૂરથી લગાવીએ છીએ જેથી પ્રોત્સાહિત વિદ્યાર્થી સ્વબળે બીજી વ્યવસ્થા કરી લે છે અને તેના અભ્યાસની ગાડી પૂરપાટ વેગે ચાલે છે.

તો મિત્રો, વર્ષ ૨૦૧૦ માટે આપણી કુહાડીની ધાર સજાવવા સજ્જ છો ને! આપણું સ્વપ્નું છે કે જૈન સમાજ એવો પ્રબળ બને કે તે વિશ્વસમાજની સાથે નહીં, પણ તેનાથી આગળ રહી રાહબર બને. પરમ કૃપાળુ જિનશાસન દેવે તેવી બુદ્ધિ અને કાર્યકુશળતા આપણામાં મૂકેલી જ છે. આપણે તો ફક્ત તેનો ઉપયોગ જ કરવાનો છે.

આ મહિનાના ઉલ્લેખનીય પ્રસંગોમાં તા. ૧૩ સપ્ટેમ્બરના રોજ અંકલેશ્વર સેન્ટર દ્વારા થયેલા યુવામેળાનું આયોજન છે. વેવિશાળ સંબંધી સામાજિક વ્યવસ્થામાં બદલાવ આવવાથી સર્જાયેલા થોડા સમયના શૂન્યાવકાશ બાદ હવે યુવામેળાએ વૈકલ્પિક વ્યવસ્થાનો ભાર ઉપાડી લીધો છે જેથી સમાજને ઘણી બધી રાહત થઈ છે. આ સંબંધી એક પ્રાસંગિક વાત આ જ અંકમાં અન્યત્ર છપાયેલ છે જે યુવામેળાના મહત્ત્વને તાદૃશ્ય કરે છે.

બીજી એક દુઃખદ ઘટનામાં આપણા ભૂતપૂર્વ ચૅરમૅન શ્રી રમણીકલાલ છગનલાલ દેસાઈની ચિરવિદાય છે. યુવાનોને સાંપ્રત પ્રવાહમાં રસ લેતા કરી દઈ સામાજિક કાર્યમાં લઈ આવવાનું શ્રેય તેમને જાય છે. તેમની ચિરવિદાયથી જે.જે.સી.ને બહુ મોટી ખોટ પડી છે. તેમનો આત્મા શાશ્વત શાંતિને પામે તેવી અભ્યર્થના આપણા ૬૨,૦૦૦ સભ્યો કરે છે.

સમયપત્રક પ્રમાણે દરેક સેન્ટરમાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે કારોબારી કમિટીની રચના કરવાની છે. તે અંગે યોગ્ય કાર્યવાહી કરવા માટે દરેક સેન્ટરના સેક્રેટરી-પ્રમુખને ૧૫ ડિસેમ્બર પહેલાં કારોબારીની રચનાનું કાર્ય પતાવી દેવાની આ સાથે સૂચના આપું છું.

જાગૃતિ સંદેશના ઑગસ્ટના અંકમાં આપેલ સૂચનાનો અમલ કરશો. મારું અંગત માનવું છે કે દરેક કમિટી સરેરાશ ઉંમરની દૃષ્ટિએ સમતોલ બને. વડીલોના અનુભવ અને આંતરબુદ્ધિની જેટલી જરૂર સંસ્થાને છે તેટલી જ જરૂર ઉત્સાહથી થનગનતા આજના યુવાન વર્ગની છે. સામાન્ય રીતે આજનો યુવાન વર્ગ વિશેષ હોશિયાર છે. કૉમ્પ્યુટર, ઈન્ટરનેટ, ટી.વી. ઇત્યાદિને કારણે એની આંખ સમક્ષ બારી-બારણાં ચપોચપ ખૂલી ગયાં છે. હોશિયાર અને સ્માર્ટ હોવાની સાથે તેઓ મૌલિક પણ છે. માણસે પરિવર્તન પામતા સમયને ખુલ્લા દિલથી અને ખેલદિલીથી સ્વીકારી લેવો જોઈએ.

નવી પેઢીની મર્યાદા હશે તે હકીકત છે, પણ નવી પેઢીની નિખાલસતા અને સ્પષ્ટતા બિરદાવવા જેવી છે. ફક્ત તેઓ સંવેદનશીલતા જાળવી રાખે તે જરૂરી છે. તે માટે મૂળિયાની માવજત થવી જોઈએ, તો વૃક્ષોને આકાશનો ઉઘાડ આપવો જોઈએ. નવી અને જૂની પેઢીનો સમન્વય દરેક કમિટીમાં હોય તેવી અપેક્ષા હું રાખું છું. આપણા જેવી સંસ્થા જરૂરથી સમાજને નવી દિશા આપશે.

મારે મુંબઈ અને મહારાષ્ટ્રના મારા મિત્રોને એટલું ખાસ જણાવવાનું કે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી તા. ૧૩મી ઑક્ટોબરે છે. ગુજરાતીઓ પર એક મહેણું છે કે તેઓ મતદાન પ્રત્યે ઉદાસીન હોય છે. મળેલી રજાનો લાભ લઈ બહારગામ જતા રહે છે અને ચૂંટણીના પરિણામ પછી પાંચ વર્ષ માટે તે સરકારની નીતિના આલોચક બનીને રહે છે.

જો આપણે આપણી ફરજ ન બજાવી શકતા હોઈએ અને આપણને બંધારણે બક્ષેલા હક્કનો ઉપયોગ રાષ્ટ્રહિતમાં કે સરકાર રચવામાં ન કરી શક્તા હોઈએ તો સરકારના આલોચક બનવાનો આપણને કોઈ જ હક્ક નથી. માટે ગમે તેમ કરો, પણ ચૂંટણીમાં મતદાન જરૂરથી કરશો, એટલું જ નહી જ્યાં જયાં જૈન ઉમેદવાર ચૂંટણીમાં ઊભા છે, ત્યાંના બધા જ જૈનોએ બધા જ મતભેદો ભૂલી જઈને જૈન ઉમેદવાર પ્રચંડ બહુમતીથી જીતે તે જોવાની મૂળભૂત ફરજ બજાવવાની છે.

જો જૈન ઉમેદવાર ન હોય તો મત એવા યોગ્ય ઉમેદવારને આપજો કે જે જૈનત્વનું રક્ષણ કરવામાં ક્યારેય પાછીપાની ન કરે.

મારે આ તબક્કે એક વાત તરફ આપનું ધ્યાન દોરવાનું છે. આપે નોંધ્યું હશે કે છેલ્લા પાંચ મહિનાથી આપણા 'જાગૃતિ સંદેશ'નું કલેવર ધરમૂળથી બદલાઈ ગયું છે. કવરપેજ, લખાણ, રિપોર્ટ તથા વાર્તા અને લેખમાં વિવિધતા આવી છે, પણ સાથેસાથે તેના પેપરની ગુણવત્તામાં પણ જબરજસ્ત બદલાવ આવ્યો છે. જેના પ્રત્યાઘાત આપણા સભ્યો-વાંચકોએ ખૂબ જ ઉત્સાહપ્રેરક આપ્યા છે. આ બદલાવ માટે આપણા તંત્રી શ્રી રમેશ સંઘવીની અનુભવસિદ્ધ કડી મહેનત દાદ માગી લે છે.

પણ સાથે સાથે શરૂઆતથી જ જાગૃતિ સંદેશના મુદ્રણમાં ભાવુક રીતે જોડાયેલા મુદ્રક શ્રી નીતિનભાઈ બદાણી (અરિહંત પ્રિન્ટિંગ પ્રેસ) તથા સુરેખ ડીટીપી કરનાર શ્રીમતી નીતાબહેનનો ઉલ્લેખ ખાસ કરવો જ પડે.

ઉપરાંત આ કાર્યમાં હરહંમેશ ભૂલરહિત પ્રૂફરીડિંગ તથા રુચિકર વાંચનસામગ્રીનું સંકલન કરી નયનરમ્ય લેઆઉટ આપી જાગૃતિ સંદેશને લોકપ્રિય બનાવવામાં રમેશભાઈને સતત સાથ આપનાર સહતંત્રી શ્રી અશોકભાઈ શાહને પણ ખાસ બિરદાવું છું.

*લિ. જિતેન્દ્ર કોઠારી*
*ચૅરમૅન: જે.જે.સી. – સેન્ટ્રલ બોર્ડ*

# આગામી પ્રવાસ પિકનિક

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | તારીખ | ચાર્જિસ |
|---|---|---|---|
| ★ જુહુ | ટ્રીટ રિસોર્ટ<br>સિલ્વાસા | તા. ૩૦-૧૦-૦૯ થી તા. ૦૧-૧૧-૦૯ | રૂા. ૭,૨૦૦/-<br>Per Couple By Bus |

# સમૂહલગ્ન

જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડની યાદી જણાવે છે કે વર્ષ ૨૦૦૯માં નીચે પ્રમાણે સમૂહલગ્નનું આયોજન કરવામાં આવેલ છે.

| સેન્ટર | દિનાંક | સંપર્ક | |
|---|---|---|---|
| સેન્ટ્રલ બોર્ડ મુંબઈ | રવિવાર, ૨૦-૧૨-૨૦૦૯ | શ્રી સચીન પવાર | ૦૨૨- ૬૫૭૨૬૬૩૬, ૬૬૯૭૩૦૩૮ |
| સુરેન્દ્રનગર | રવિવાર, ૧૩-૧૨-૨૦૦૯ | શ્રી દ્વિજેષ શાહ<br>શ્રી મહેશ કામદાર | ૦૯૪૨૬૯૧૪૭૯૬<br>૦૯૮૭૯૯૫૦૩૨૩ |
| જૂનાગઢ | રવિવાર, ૧૩-૧૨-૨૦૦૯ | શ્રી દિલીપ પીપલિયા<br>શ્રી જયેશ અવલાણી<br>શ્રી રાજેશ દોશી | ૦૯૪૨૭૫૬૯૬૩૬<br>૦૯૮૯૮૦૨૬૭૧૫<br>૦૯૪૨૮૭૭૭૩૨૨ |

# વિવિધ સેન્ટર્સ દ્વારા નાટ્યગૃહોમાં યોજાયેલ પારિવારિક કાર્યક્રમો

- **અમૃતનગર :**
  - ૦૪-૦૮-૦૯ મૂવી: 'લવ આજ કલ' ✉
  - ૦૮-૦૮-૦૯ પ્રહસન: 'લાલો લાભ વગર લોટે નહીં' ✉
- **બોરીવલી :**
  - ૦૫-૦૮-૦૯ મૂવી: 'લવ આજ કલ' ✉
- **ભાંડુપ-વિક્રોલી :**
  - ૦૨-૦૮-૦૯ નાટક: 'મારે જાવું પેલે પાર' ✉
  - ૨૯-૦૮-૦૯ પ્રહસન: 'જય હો જમનાદાસ' ✉
- **ચેમ્બુર :**
  - ૧૦-૦૮-૦૯ નાટક: 'મારે જાવું પેલે પાર' ★
- **દાદર :**
  - ૧૦-૦૮-૦૯ થ્રિલર: 'ફ્લૅટ નં. ૪૪' ✉
- **દહિસર :**
  - ૦૭-૦૮-૦૯ પ્રહસન: 'જેનું ખીસું ગરમ તેની સામે સૌ નરમ' ✉
- **જેમ્ જગડુશા :**
  - ૦૩-૦૮-૦૯ નાટક: 'એક છોકરી સાવ અનોખી' ★
- **ગોલ્ડન ગારોડિયા :**
  - ૦૬-૦૮-૦૯ મૂવી: 'લવ આજ કલ' ✉
  - ૨૬-૦૮-૦૯ મનોરંજન: 'બોલિવૂડ-હાઉઝી' ★
  - ૨૮-૦૮-૦૯ બર્થ-ડે સેલિબ્રેશન: 'બૉલિવૂડ ગૅમ શો' (ભૂપેશ દવે) ★
- **જુહુ :**
  - ૧૪-૦૮-૦૯ પ્રહસન: 'લવ-લગન-લાલિયો' (કાર્યક્રમ બાદ રાષ્ટ્રગીત-સલામી અને મીઠું મોઢું-૧૫ ઑગસ્ટ પ્રસંગે) —
- **જુહુ બીચ :**
  - ૦૩-૦૮-૦૯ પ્રહસન: 'જેનું ખીસું ગરમ તેની સામે સૌ નરમ' ✉
- **કલાનગરી વડોદરા :**
  - ૦૯-૦૮-૦૯ મૂવી: 'લવ આજ કલ' ✉
- **કાંદિવલી :**
  - ૦૪-૦૮-૦૯ પ્રહસન: 'જેનું ખીસું ગરમ તેની સામે સૌ નરમ' ★
- **લે. વિં. સેન્ટ્રલ મુંબઈ :**
  - ૧૦-૦૮-૦૯ સાંસ્કૃતિક: 'ઘર એક મંદિર' (મનોમંથન) ✉
- **મુંબઈ :**
  - ૦૬-૦૮-૦૯ નાટક: 'યુ ટર્ન' ✉
  - ૦૯-૦૮-૦૯ મ્યુઝિકલ: 'કપૂર સે કપૂર તક' (પ્રીમિયર શો) ✉
- **મુલુંડ :**
  - ૦૯-૦૮-૦૯ હિપ્નોટિઝમ: 'બી. કુમાર તથા કૌશલ શાહ' ★
- **નવી મુંબઈ :**
  - ૨૭-૦૮-૦૯ નાટક: 'જેનું ખીસું ગરમ તેની સામે સૌ નરમ' ✉
- **નોર્થ ઈસ્ટ :**
  - ૨૫-૦૮-૦૯ ઑરકેસ્ટ્રા: 'કપૂર સે કપૂર' ✉
  - ૨૭-૦૮-૦૯ પ્રહસન: 'જય હો જમનાદાસ' ✉
  - ૩૧-૦૮-૦૯ નાટક: 'એક છોકરી સાવ અનોખી' ✉
- **પિંક પંતનગર :**
  - ૦૬-૦૮-૦૯ નાટક: 'મારે જાવું પેલે પાર' ✉
- **રાજાવાડી :**
  - ૦૪-૦૮-૦૯ નાટક: 'એક છોકરી સાવ અનોખી' ✉
- **સાયન-માટુંગા :**
  - ૦૪-૦૮-૦૯ નાટક: 'યુ ટર્ન' ✉
  - ૧૦-૦૮-૦૯ મૂવી: 'લવ આજ કલ' ✉
  - ૨૮-૦૮-૦૯ પ્રહસન: 'લાલો લાભ વગર લોટે નહીં' ✉
- **સયાજી નગરી-વડોદરા :**
  - ૦૮-૦૮-૦૯ ગેટ-ટુ-ગેધર ફક્ત બહેનો માટે: 'કિટી પાર્ટી સાથે Funny ફૅશન શો' ▲
- **શિવાજી પાર્ક :**
  - ૧૩-૦૮-૦૯ નાટક: 'લજ્જા તને મારા સમ' ✉
- **વિલે પાર્લે :**
  - ૧૨-૦૮-૦૯ નાટક: 'લજ્જા તને મારા સમ' ✉
- **તારદેવ :**
  - ૦૨-૦૮-૦૯ મૂવી: 'લક' ✉
  - ૦૩-૦૮-૦૯ પ્રહસન: 'લાલો લાભ વગર લોટે નહીં' ✉
  - ૦૮-૦૮-૦૯ નાટક: 'એક છોકરી સાવ અનોખી' ✉
  - ૦૯-૦૮-૦૯ મૂવી: 'લવ આજ કલ' ✉

સંજ્ઞા : કાર્યક્રમ –
જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

# યુવામેળો

રસ્તામાં અરવિંદભાઈ મળી ગયા. થોડાક વ્યથિત જણાતા હતા. આર્થિક રીતે ખાધેપીધે સુખી.

મધ્યમ વર્ગના. આમ તો પતિ, પત્ની બન્નેનો સ્વભાવ સાલસ તથા પરગજુ. દરેક સગાંવહાલાં-મિત્રોને યોગ્ય રીતે કામમાં આવ્યાં હશે, પણ અત્યારે પરેશાન લાગતાં હતાં. વાતચીત કરતાં કારણ મળી ગયું. દીકરી સારું ભણી – ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયર. દેખાવમાં એવરેજ કહી શકાય તેટલી સુંદર. બે વર્ષથી પ્રયત્ન કરે છે, પણ ક્યાંય મેળ ખાતો નથી. મને કહે, આર્મેશભાઈ, છેલ્લાં બે વર્ષથી હેરાન થઈ ગયો છું. ક્યાંય મેળ ખાતો નથી. કોઈ છોકરાં, આપણને લાયક ધ્યાનમાં આવતાં નથી. સગાં-મિત્રો બતાવતાં નથી અને બતાવે તો કહે કે તેનાં મા-બાપને જાણીયે છીએ. સારા-સુખી ખાનદાન છે, પણ છોકરાનો કોઈ જ પરિચય નથી. છોકરાની તપાસ તમે કરીને આગળ વધો. કેવી વાત છે? તેમના નજીકના સગાનો છોકરો અને કહે કે છોકરા વિશે કાંઈ ખબર નથી! મતલબ કે છોકરાની હાલની પ્રવૃત્તિ, તેના સર્કલ-ગ્રુપ કે ધંધો કે નોકરી વિશે કાંઈ ખબર નથી અને ખબર હોય તો જવાબદારી લેવા તૈયાર નથી.

છોકરા-છોકરીઓને હવે રવિવાર કે રજા સિવાય અનુકૂળતા હોતી નથી. એક મુરતિયા સાથેની મિટિંગમાં બે-ચાર રવિવાર નીકળી જાય. પછી જવાબ આવે કે હમણાં અનુકૂળ નથી. પાછા ઠેરના ઠેર. આવી બે-ચાર ટ્રાય કરીએ ત્યાં છ મહિના નીકળી જાય. પછી પર્વો આવે એટલે આ પ્રવૃત્તિ મંદ થઈ જાય. એક મિટિંગ રાખીયે એટલે ઓછામાં ઓછા ૫૦૦-૬૦૦ રૂપિયાનું પાણી થઈ જાય. કોણ જાણે હજી કેટલીય મિટિંગમાં પતશે? ખરેખર તો બધી રીતે લાંબા થઈ જઈએ છીએ. આમ ને આમ બે વર્ષ જતાં રહ્યાં. હવે તો સખત મૂંઝાણો છું. કોઈક રસ્તો બતાવો.

મેં પૂછ્યું, અરવિંદભાઈ, આપણી નાતમાં જ પ્રયત્ન કરો છો કે પછી બીજા ઘોળના જૈનોમાં પણ? બીજા ઘોળમાં સારા સારા છોકરાઓ હોય છે.

અરવિંદભાઈ કહે કે : કેમ ખબર પડે? તેમાં તો આપણે કોઈને ઓળખતા ન હોઈએ. આપણી નાતના ન બતાવતા હોય એમાં ત્યાં તો કોણ બતાવે? ઘણા મૅરેજ બ્યૂરોમાં નામ લખાવ્યા. બાપ રે! કેટલી ફી ભરી! પણ ગમે તેમ તેઓ તો પ્રોફેશનલ ને! બતાવે તો ઉત્તર દક્ષિણ જેવું. આપણું મન ન માને અને બ્યૂરોવાળા કેટલાય પૈસા ઓકાવી નાખે. ખરેખર બહુ જ ડિપ્રેશનમાં આવી ગયો છું.

અરવિંદભાઈ, તમે જૈન જાગૃતિ સેન્ટરના આટલા યુવામેળા થાય છે તેમાં પ્રયત્ન કર્યો છે. એમાં તો હવે બહુ સરસ ભણેલા, ગણેલા, દેખાવડા, અપ-ટુ-ડેટ, સંસ્કારી, સુખી ખાનદાન ઘરનાં છોકરા-છોકરીઓ ભાગ લે છે અને એક વાડા પૂરતું સીમિત નથી. ચારેય ફિરકાના, આઠેય પેટા ફિરકાના, બધા જ પ્રદેશના કાઠિયાવાડી, હાલારી, કચ્છી, ઝાલાવાડી, પાલનપુરી, મારવાડી કે પછી તમારા દક્ષિણ ગુજરાતી બધા જ હવે તો ભાગ લે છે.

પણ આર્મેશભાઈ, હું તો ક્યાંય જૈન જાગૃતિ સેન્ટરનો સભ્ય નથી. હું કઈ રીતે ભાગ લઈ શકું?

અહીં જ તમે થાપ ખાવ છો અરવિંદભાઈ. પરિચયમેળામાં ભાગ લેવા માટે જૈન જાગૃતિ સેન્ટરના સભ્ય હોવું જરૂરી નથી. ફક્ત તેનું મુખપત્ર 'જાગૃતિ સંદેશ' વાંચતા રહો. તેમાં જાહેરાત આવે છે જ અને ખાસ વાત એ કે તમારા એરિયાના જૈન જાગૃતિ સેન્ટરના સભ્ય કેમ નથી બનતા? કેટકેટલી પ્રવૃત્તિઓ આજકાલ સમાજોપયોગી ઉપરાંત મનોરંજનના વિવિધ કાર્યક્રમો થાય છે. બધા હળે-મળે છે, ઓળખતા થાય છે, સર્કલ વધે છે. મજા આવે છે.

એવું છે ને આર્મેશભાઈ, મારો ધંધાથી ઘેર આવવાનો સમય જ મોડો છે. આવીને જમું અને તૈયાર થાઉં ત્યાં સુધીમાં દશ-સાડા દશ થઈ જાય પછી પ્રોગ્રામમાં જવાનું રુચે નહીં.

અરવિંદભાઈ, મહિનામાં એક પ્રોગ્રામ નાટક કે પિક્ચર કે પિકનિક કે ઑરકેસ્ટ્રાનો હોય. કે બેએક હોય. જે દિવસે કાર્યક્રમ હોય તે દિવસે અગાઉથી પ્લાનિંગ કરી સમયસર આવી ન શકો? કે પછી ટાઈમ મૅનેજમેન્ટ કરતા આવડતું નથી. કેટલા સરસ કાર્યક્રમ અત્યારે જે.જે.સી. કરી રહ્યું છે. હવે તો યુવામેળો, સમૂહલગ્ન, માનવસેવા, તબીબી રાહત, અલગ અલગ મેડિકલ કૅમ્પ અને હવે તો હાયર એજ્યુકેશન અભિયાન ચાલુ છે. જે.જે.સી.ના સભ્ય બનવું એ તો ગૌરવ કહેવાય. ૧૩૧ સેન્ટર છે અને ૨૦૦૦ કુટુંબો તેના સભ્ય છે. તમે એમ કેમ વિચારો છો કે પ્રોગ્રામ જોવા જ સભ્ય બનાય. એકાદ પ્રોગ્રામમાં જઈ ન શકાય તો અફસોસ નહીં કરવાનો, પણ આટલી મોટી જૈન સંસ્થાના સભ્ય બનવું કેવી મોટી વાત કહેવાય? તમે તો સાવ વધારેપડતા ઝીણા ગણતરીબાજ છો. થોડા પ્રૅક્ટિકલ થાવ. આ તો તમે મારા જૂના મિત્ર છો એટલે કહેવાય, બાકી મને તો બહુ જ ફાયદો થયો છે. આ વર્ષે જ મેમ્બર બની જાવ, પછી જુઓ ચમત્કાર!

આર્મેશભાઈ તમારી વાત તો સાચી. ચાલો, સૌપ્રથમ જે.જે.સી. ના યુવામેળામાં ફૉર્મ ભરી દઉં છું. નસીબ અજમાવી દઉં.

અરવિંદભાઈ બે મહિના પછી આર્મેશભાઈના ઘેર ખાસ વધાઈ ખાવા ગયા. અરે આર્મેશભાઈ, મારું કામ થઈ ગયું. જે.જે.સી.ના યુવામેળામાં ભાગ લીધો. મારી દીકરીનું બહુ સરસ ગોઠવાઈ ગયું. છોકરો સરસ મજાનો, ખાનદાન ઘરનો, સ્માર્ટ અને કમાઉ મળી ગયો. મારી દીકરીને પણ બહુ ગમ્યું. ઘરના બધા ખુશ. આર્મેશભાઈ તમારો ખૂબખૂબ આભાર. તમે આંગળી ચીંધી તો અમારું કામ થઈ ગયું, નહીંતર ક્યાં અમે સ્થાનકવાસી જૈન વલસાડના અને ક્યાં છોકરાનું કુટુંબ ઈડર ઉત્તર ગુજરાતનું મૂર્તિપૂજક જૈન. ખરેખર યુવામેળાએ રંગ રાખ્યો. હું તો રહ્યો મધ્યમ વર્ગનો સીધોસાદો. કેટલો ખર્ચો થઈ જાત! આ તો રૂપિયા પાંચસોમાં પતી ગયું. હવે તો બસ લગ્ન કરવાની ધમાલ.

આર્મેશભાઈ કહે કે એમાં પણ વિકલ્પ છે. ૨૦મી ડિસેમ્બરે સેન્ટ્રલ બોર્ડ યોજિત સમૂહલગ્ન છે. જોડાઈ જાવ. મજાનાં સુંદર રીતે લગ્ન થશે.

અરે, આર્મેશભાઈ મેં તપાસ કરી. એ તો અત્યારથી જ પૅક થઈ ગયું. વેઈટિંગ લિસ્ટ છે. તેઓ તો ૨૧ જ લગ્ન કરે છે. જિતુભાઈને કહો ને કે જે.જે.સી. હવે વિશાળ થઈ ગયું છે. ૨૧ ને બદલે ૩૦ કરો ને. તમને દાતાઓનો ક્યા તૂટો છે. દાતાઓની તો લાઈન લાગી છે અને અરવિંદભાઈ ઠેકડા મારતામારતા, ઊછળતાઊછળતા રવાના થયા.

— આર્મેશકુમાર

## જે.જે.સી. - રાજાવાડી

સેન્ટરે તેના દ્વિતીય યુવામેળાનું આયોજન તા. ૯-૮-૨૦૦૯, રવિવારના રોજ ઘાટકોપરમાં ઝવેરબેન સભાગૃહ ખાતે કર્યું. જેમાં ૨૭૭ યુવક-યુવતીઓએ હોંશભેર ભાગ લીધો. કાર્યક્રમ બાદ One to One મિટિંગો ગોઠવાઈ જેનાં ઉત્સાહપ્રેરક પરિણામો થોડા સમયમાં જ આવવાના શરૂ થઈ જશે તેવું કન્વીનિયર શ્રી સુનીલભાઈ શાહ તથા શ્રી વિનોદભાઈ શાહ જણાવે છે. આ સમારોહના પ્રેરક દાતા તરીકે જે.જે.સી.નાં જ શ્રીમતી નીપા હર્ષદ મહેતા ઊભરી આવ્યાં. સહદાતા તરીકે શ્રી નરેન્દ્રભાઈ સૂર્યકાંત શાહે નોંધનીય સાથ આપ્યો. આવા સમાજલક્ષી કાર્યક્રમની અણિશુદ્ધ સફળતા માટે સેન્ટરના કારોબારી સભ્યો છેલ્લા એક મહિનાથી રાત-દિવસ મહેનત કરતા હતા.

આવા સુંદર કાર્યક્રમના આયોજન બદલ જે.જે.સી.-રાજાવાડીના કમિટી સભ્યોનો હોંશલો વધારવા ચૅરમૅન શ્રી જિતુભાઈ કોઠારી, જોલી જિમખાનાના ચૅરમૅન શ્રી રજનીભાઈ શાહ, જે.જે.સી.ના ભૂતપૂર્વ ચૅરમૅન શ્રી દિનેશ શાહ તથા શ્રી મનોજભાઈ અજમેરા હાજર રહ્યા અને સુંદર વ્યવસ્થા માટે યુવક-યુવતીઓના વડીલોએ ખૂબ જ સંતોષ દર્શાવ્યો.

## જે.જે.સી. - પુના મેઈન

ગિરનાર જેવી જ મજા સહ્યાદ્રિ પર્વતમાળામાં પણ આવે જ. પુનાથી ૫૦ કિ.મી. દૂર આનંદા વેલી છે જ્યાં વરસાદ, મુંબઈ પહોંચ્યા પહેલાં થોડોક સ્થિરવાસ કરે છે અને મન મૂકીને વરસે છે. ત્યાં તા. ૨-૮-૨૦૦૯ ને રવિવારે લગભગ ૨૦૦ જેજેસિયન જઈને વરસાદનું સ્વાગત કરી આવ્યા. બધાએ પોતપોતાની બૅગમાં થોડાંથોડાં વાદળાં ચોરીછૂપીથી ભરીને પુણે આવીને છોડી મૂક્યાં. આવી ચોરી માટે કોઈનાય પર FIR નોંધવામાં ન આવી. (જે.જે.સી.ની લાગવગથી)

## સરસ્વતી સન્માન

જૈનનાં સંતાનો ભણે, હોશિયાર બને અને સારા માર્ક્સ લાવે તો તેમને પ્રોત્સાહન આપવા તેઓનું સરસ્વતી સન્માન સ્ટેજ પર બોલાવીને વ્યક્તિગત યોગ્ય રીતે થવું જોઈએ. તે પ્રમાણે વિવિધ સેન્ટર્સ આ કાર્યક્રમ કરી જ રહ્યા છે. અહીં તો જેના પ્રમુખ કેળવણી સાથે બહુ નિકટતાથી સંકળાયેલા છે તે જૈન જાગૃતિ સેન્ટર-ચેમ્બુર દ્વારા કુ. ધ્વનિ રાજેશ કારાણીની દિવ્ય સ્મૃતિ નિમિત્તે શ્રીમતી લક્ષ્મીબહેન વીરજી હંસરાજ કારાણી પરિવાર (ડુમરા-કચ્છ) તરફથી ૧ થી ૧૦ ધોરણના સર્વે હોશિયાર વિદ્યાર્થીઓનું તથા ધાર્મિક પરીક્ષામાં પાસ થનાર સર્વે વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું.

# અભિનંદન

## જે.જે.સી. - કલાનગરી વડોદરા

સેન્ટરના સભ્ય શ્રી ઉત્તમભાઈ સોમચંદ શાહની વડોદરાની ધી બનિયન સિટી જેસીસ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સ્પંદન સ્કૂલ ફોર મેન્ટલી ચૅલેન્જડ સ્ટુડન્ટ્સના પ્રેસિડેન્ટ તરીકે વરણી થયેલ છે. તેમને અભિનંદન.

## જે.જે.સી. - સાયન માટુંગા

શિક્ષણ અભિયાનમાં ધરખમ ડોનેશન આપનાર શ્રીમતી મનીષાબહેન મનીષભાઈ શાહની પુત્રી ચિ. મેહાલી એચ.એસ.સી. બોર્ડમાં ૯૨.૯૨ ટકા મેળવીને ઉત્તીર્ણ થઈ છે તે બદલ સેન્ટ્રલ બોર્ડના આશીર્વાદ સાથે અભિનંદન.

## ભાવયાત્રા

કૈલાસ પર્વત પર એક ખુશનુમા સવારે શંકર-પાર્વતી મઢૂલી બહાર ફુરસદથી બેઠાંબેઠાં બ્રહ્માજીએ સર્જેલો નજારો માણતાં હતાં. તેવામાં તેમના બે પુત્રો – કાર્તિક સ્વામી અને ગણેશ  રમતા-ઝઘડતા આવ્યા. ઝઘડાને બીજે રસ્તે ચડાવવા મહેશે રસ્તો કાઢ્યો અને બન્ને દીકરાઓને કહ્યું, ''ચાલો, જે પુત્ર સૃષ્ટિની સાત પ્રદક્ષિણા કરીને પહેલો આવશે તેને અમારા ખાસ આશીર્વાદ મળશે.'' અને તુમ્હારા સમય ચાલુ હોતા હૈ અબ' કહેતાંની સાથે જ કાર્તિક પોતાના વાહન મોર પર સવાર થઈને નીકળી પડ્યા, પણ ગણેશનું એક તો શરીર ભારે અને તેમનું વાહન મૂષક. સો વર્ષેય સાત પ્રદક્ષિણા પૂરી ન થાય! પણ ગણેશજી કોનું નામ! આઈડિયા કર્યો, શંકર-પાર્વતી જે ખડક ઉપર બેઠાં હતાં તેની ફરતા સાત વાર પ્રદક્ષિણા કરી મા-બાપને પગે લાગીને પાર્વતીના ખોળામાં માથું નાખીને સૂઈ ગયા. પૂરા સાત કલાકે કાર્તિક હાંફતાહાંફતા સાત પ્રદક્ષિણા કરીને આવ્યા. ત્યારે ગણેશજીએ દાવો કર્યો કે હું પ્રથમ આવ્યો છું. પ્રજાપતિએ કહેલું કે ''મા-બાપ એ જ આપણી સૃષ્ટિ છે. મા-બાપની સેવા એ જ ભગવાનને પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે.'' તેથી જ મેં મા-બાપની સાત પ્રદક્ષિણા કરી છે. શંકર ભગવાને એ દાવો માન્ય રાખ્યો અને આશીર્વાદ આપ્યા કે હવેથી સૃષ્ટિ પર જે કાંઈ શુભ કાર્ય થશે ત્યારે પ્રથમ ગણેશની સ્થાપના થશે અને તેનું નામ લેવાશે.

આ હતી જગતની પ્રથમ ભાવયાત્રા. જ્યાં સદેહે ન જઈ શકાય ત્યાં મનના ભાવથી જઈને પણ એ યાત્રાનું-કાર્યનું શુભ ફળ મેળવી શકાય.

જે.જે.સી.-કાંદિવલીના પ્રમુખ શ્રી સંજયભાઈ શાહ તથા બોરીવલીના પ્રમુખ શ્રી મણિકાંત કોઠારી આ વાત જાણતા હશે તેથી જ તો તેમણે સંજોગોવસાત પાલિતાણાની જાત્રા કરવા ન જઈ શકનાર તેમના સભ્યો માટે એક કાર્યક્રમનું આયોજન કર્યું. હૃદયના શુદ્ધ અને શુભ ભાવો સાથે, છ'રી પાળીને ચતુર્વિધ સંઘની સાથે તીર્થાધિરાજ 'શ્રી સિદ્ધાચલજી તીર્થ'ની સેન્ટરના સૌ સભ્યોના સંગાથે ભાવયાત્રાનું આયોજન કર્યું.

### જે.જે.સી. - કાંદિવલી

શ્રાવણ વદ ૯, શનિવાર તા. ૧૫-૮-૨૦૦૯ના રોજ ભુરાભાઈ હૉલ, કાંદિવલી ખાતે સવારે ૯.૦૦ થી ૧.૦૦ કલાક સુધી શ્રી સંજયભાઈ શાહ (મલાડ), શ્રી નિકેતભાઈ કોઠારી અને સાથીઓના સૂર સંગમમાં ભાવયાત્રા કરાવી સેન્ટરના સભ્યોને ભાવવિભોર કરી નાખ્યા.

### જે.જે.સી. - બોરીવલી

શનિવાર, તા. ૧૫-૮-૨૦૦૯ના રોજ સવારના ૯.૦૦ કલાકે બોરીવલીમાં આવેલ હિન્દુજા હૉલમાં સ્વચ્છ-સફેદ પરિવેશમાં શોભિત સેંકડો જે.જે.સી. સભ્યો 'શ્રી સિદ્ધાચલજી તીર્થ'ની ભાવયાત્રા જેવા સોનેરી પ્રસંગનો લાભ લેવા ભેગા થયા હતા જેને સ્વરભક્તિ જેવી રૂપેરી આભા આપી શ્રી નિમેષભાઈ શાહ તથા શ્રી અતુલભાઈ શાહ અને સાથીઓએ. આ હતો મોક્ષસુખને પામવાના એક યથાર્થ પ્રયાસની અનુમોદનાનો પાવન કાર્યક્રમ.

આ સુવર્ણ ભાવયાત્રામાં શું શું નિહાળ્યું?

- સાક્ષાત્ તીર્થાધિરાજ શત્રુંજય તીર્થની અદ્ભુત રચના જેનાં દર્શનથી સાચે જ પાલિતાણા પહોંચ્યાનો અહેસાસ.
- નયનરમ્ય આંગીથી શોભિત શ્રી આદિનાથ પરમાત્માના ડુંગરે પાવન પધરામણા.
- સિદ્ધાચલજીના તીર્થાધિપતિ શ્રી આદિનાથ ભગવાનનાં દર્શનની અદ્ભુત ઝાંખી.
- સમગ્ર ગિરિરાજનાં દર્શન કરાવતા શ્રી શત્રુંજય તીર્થના પટનાં દર્શન.
- ભાવયાત્રામાં શોભતા ભાવોને ઉલ્લસિત કરતી પાંચ પ્રકારની ભાવપૂજાનો ભવ્ય શણગાર.
- દશાંગ ધૂપથી શોભતી ધૂપપૂજા.
- અખંડ દીપક તથા આરતીમંગળ દીવાથી શોભતી દીપક પૂજા.
- શુદ્ધ અખંડ અક્ષતનાં સાથિયા, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને સિદ્ધશિલાથી શોભતી અક્ષત પૂજા.
- લાડવા, પેંડા, થબર જેવી ભાતભાતની મીઠાઈ અને પક્વાનોથી શોભતી નૈવેદ્ય પૂજા.
- કેળા, ચિકુ, સંતરા, મોસંબી જેવાં વિવિધ ફળોથી શોભતી ફળ પૂજા.
- છાબનો, ફૂલોનો શણગાર, દીવડાની જ્યોતિ તથા તીર્થના વધામણા શણગાર સૌનારૂપાનાં ફૂલો, મોતી તથા અક્ષત દ્વારા.
- સ્વરથી ઈશ્વર સુધી પહોંચાડવાનો યથાર્થ પ્રયાસ જૈનરત્ન શ્રી નિમેશભાઈ શાહ અને સાથીઓનાં કંઠકલરવ દ્વારા.
- ભક્તિથી મુક્તિ પામવાનો યથાર્થ પ્રયાસ જૈન સમાજજવાહીર શ્રી અતુલભાઈ વી. શાહના સંચાલન સૌંદર્ય દ્વારા.

- પ્રભાવના, ઘંટનાદ, જયનાદ, શંખનાદ, સાધર્મિક ભક્તિ, સામૂહિક યાત્રા અને ક્ષમાપના દ્વારા કર્મોની નિર્જરા અને પુણ્યનું ઉપાર્જન અને પર્વાધિરાજ પર્યુષણના મંગલ વધામણા...
- દેવની ડેલીએ બેઠાબેઠા પગલેપગલે અનંતા અરિહંત અને સિદ્ધ ભગવંતોને ભાવથી જુહારવાનો સુંદર લાભ અને અતીતનાં સંભારણાં દ્વારા વિધિવત્ સંપૂર્ણ યાત્રા અને ઘણું બધું...

## વ્યાખ્યાનમાળા

પર્યુષણ પર્વ દરમિયાન જૈન સિદ્ધાંતો અને અધ્યાત્મને ઉજાગર કરતાં અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો સિદ્ધહસ્ત વક્તાઓ દ્વારા આપવાના કાર્યક્રમોનું જે.જે.સી.નાં વિવિધ સેન્ટરો આયોજન કરે છે. એ પ્રમાણે —

| | | |
|---|---|---|
| વિલે પાર્લે | પ્રો. ગુલાબ દેઢિયા | 'શાસન દેવ તમે સાંભળો છો?' |
| જૂહુ | સ્વામી જ્ઞાનવત્સલ | 'પાનખરમાં વસંત' |
| જુહુ બીચ | મૂ. પૂ. શ્રી હરિભાઈ કોઠારી | 'ભક્તિ વિના તપ ન સાચું' |
| બિચ સાઇડ | બ્રહ્મકુમારી અન્સુલાબહેન | 'ર૧મી સદી અને સંયમી જીવન' |
| સી સાઇડ | બ્રહ્મકુમારી ક્રીનાબહેન | |
| કાંદિવલી | શ્રી તેજભાઈ શાહ | 'પ્રસન્નતાથી જીવીએ' |
| મલાડ | શ્રી દિનકરભાઈ જોષી | 'સુખનું સરનામું' |
| | શ્રી હરિભાઈ કોઠારી | 'સબકો સન્મતિ દે ભગવાન' |
| | ડૉ. બિપીનભાઈ દોશી | 'ધર્મ અને વિજ્ઞાન' |
| સાયન-માટુંગા | શ્રી નવીનભાઈ કુબાડિયા | 'કર્મના સિદ્ધાંત' |
| | શ્રી બિપીનભાઈ જૈન | 'આત્મઅનુસંધાન' |
| | શ્રીમતી અંજનાબહેન શાહ | 'ભાવના'(પૉઝિટિવ થિન્કિંગ) |
| | શ્રી રશ્મિભાઈ ઝવેરી | 'આગમની ધર્મકથાઓ' |
| | શ્રી હરિભાઈ દોશી | 'ભક્તિ વિનાનું તપ નવસાચું રે' |
| | ડૉ. નિરંજનાબહેન જોશી | 'આનું નામ તે જીવન' |
| | શ્રી સ્વાનુભૂતિ જૈન | 'મૈં કૌન હું' |

### વ્યાખ્યાનમાળાના અનુસંધાનમાં

હકીકત એ છે કે સભાગૃહમાં યોજાતી વ્યાખ્યાનમાળામાં બહુધા યુવા શ્રોતાઓ વહેલા આવી સીટ પર બેસી જાય છે અને સંપૂર્ણ વ્યાખ્યાન શિસ્તબદ્ધ રીતે શાંતિથી સાંભળે છે. તેની સામે ઉપાશ્રયમાં શું થાય છે તે આપણે સૌ જાણીયે છીએ. કદાચ ગુરુવાણીના લાભને બદલે ફંડફાળા કે માન-સન્માનના કંટાળાજનક કાર્યક્રમથી શ્રાવક-શ્રાવિકાઓ વાજ તો નથી આવી ગયાં? ટ્રસ્ટીઓ, ઉપાશ્રયના વહીવટકારો, કમિટીના હોદ્દેદારોએ આત્મમંથન કરીને યોગ્ય ઉપાય શોધવાની જરૂર છે ખરી! વાચકો તેમના પ્રત્યાઘાત જરૂરથી આપે.

— તંત્રી

## ભગવાન મહાવીરે સહેલા મોટા ૭ ઉપસર્ગો

૧) ઈ.સ. પૂર્વે ૫૬૮મું વર્ષ. પહેલું ચાતુર્માસ અસ્થિક ગ્રામમાં શૂલપાણી યક્ષનો ઉપદ્રવ.

૨) બીજા ચાતુર્માસ માટે વિહારની વાટે મોરાગ ગામની સીમમાં ચંડકૌશિક દષ્ટિ વિષ સર્પનો ઉપદ્રવ.

૩) ઈ.સ. પૂર્વે ૫૬૫મું વર્ષ. ચોથું ચાતુર્માસ. ચંપાપુરીમાં ગંગા પાર કરતાં સુદ્રષ્ટ દેવનો ઉપસર્ગ.

૪) ઈ.સ. પૂર્વે ૫૬૪મું વર્ષ. ૫મું ચાતુર્માસ. ભદ્રીયગામની અટવીમાં ધ્યાનસ્થ પ્રભુને નડેલો વન-દાવાનલનો ઉપસર્ગ.

૫) છઠ્ઠા ચાતુર્માસ બાદ વિહાર કરતા વાટે પૂર્વે વૈરિણી વ્યંતરી કટપુતનાનો, શીતલ જલશીકરોનો ઉપદ્રવ.

૬) ઈ.સ. પૂર્વે ૫૫૮મું વર્ષ. ૧૧મું ચાતુર્માસ. વૈશાલી નગરીમાં અભવી સંગમદેવનો સતત ૬ માસ પર્યંતના અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો.

૭) તેરમાં ચાતુર્માસ માટે રાજગૃહી નગરી તરફ જતાં છમ્માણી ગામની સીમમા ધ્યાનસ્થ પ્રભુના કાનમાં એક ગોવાળિયાએ ખીલા મધ્ય પાવાપુરીમાં એક વૈદે કાઢતાં રાડ પડી ગઈ હતી.

ગરીબમાં ગરીબ પણ કરી શકે એવું મહાદાન એટલે
ચક્ષુદાન



## યાત્રા-પિકનિક-પ્રવાસ

આપણે રોજબરોજની જિંદગીમાં તાજગી લાવવા શરીરને અને મગજને રિચાર્જ કરવા પિકનિક કેમ કરવી જોઈએ? કુદરત સાથેનો નાતો આપણે ઢીલો કરતા જઈએ છીએ. વૃક્ષો, વરસાદ, ચાંદની, આકાશ, નદી સાથેના સંબંધોની ઉપેક્ષા કરતા જઈએ છીએ તે યોગ્ય છે? વૃક્ષ પવિત્ર છે, કારણ વૃક્ષત્વ વિના આપણે મનુષ્ય એક મિનિટ પણ ટકી શકીએ તેમ નથી. ઉત્ક્રાંતિના ક્રમની દૃષ્ટિએ પણ વૃક્ષ મનુષ્યથી ખાસું સિનિયર છે, પણ વૃક્ષ પ્રતિ નજર નાખવાની ફુરસદ આપણી પાસે છે? આકાશમાં પથરાયેલા મેઘધનુષને નીરખવા માટે એક મિનિટ પણ આપણી પાસે છે ખરી? જેઠ મહિનાનો ઉકળાટ ચરમસીમાએ પહોંચે ત્યારે આકાશમાં વાદળાં જામવા માંડે, એ વાદળાંમાં પાણી ભરાય અને ધીરધીરે નીચે ઊતરે અને શ્યામલતા ધારણ કરે. વરુણદેવનો મિજાજ બદલાય અને વૃક્ષે વૃક્ષે અફવા ફેલાય કે હવે ગમે ત્યારે વર્ષાઋતુનું આગમન થશે. પ્રિયજનના આગમનની અફવા પણ કર્ણપ્રિય હોય છે. દૂરદૂરથી ડમરીના ખભે બેસીને મોસમનો પહેલો વરસાદ આવી પહોંચે ત્યારે ગામડાંના લોકોનું હૈયું ગાઈ ઊઠે – ઘુમડ ઘુમડ કર આઈ રે ઘટા કે રિમઝિમ કે તરાને લે કે આઈ બરસાત –

રહી વાત વરસાદ અને તેની દિવ્ય, મોહક, કામુક અને હૃદયની ઊર્મિઓને ભીંજવી દેતી કાવ્યાત્મક અનુભૂતિની તો શહેર કે મહાનગરના બિચારા જનોએ તો જાણે તેમના ચેતનાતંત્ર પર તેમણે રેઈનકોટ જ પહેરી લીધો હોય તેમ બધી જ અનુભૂતિઓથી કોરા ધાકોર જ રહે. કદાચ તનથી ભીંજાય તોપણ મનથી ભીંજાતા નથી. જેટલી મોકળાશથી વાદળ તૂટી પડે છે તેટલી હળવાશથી આ લોકો નાચી શકતા નથી. (સૌજન્યઃ જે.જે.સી.-જૂનાગઢ)

જે.જે.સી. આ પરિસ્થિતિ જાણે છે એટલે તો વરસાદની મોસમમાં ખાસ દૂર પર્વત પર કે જંગલોમાં પિકનિક ગોઠવે છે અને તેના સભ્યોને રેઈનકોટ કે છત્રી વિના આવવાનું આમંત્રણ આપે છે. સભ્યો પણ હોંશથી આવી પિકનિકમાં જાય છે.

### જે.જે.સી. - જૂનાગઢ

ઉપરના કથનને સાચું પાડવા, નહીં ગામડું નહીં મહાનગર એવા જૂનાગઢના જેજેસિયનોએ તા. ૨૬-૦૭-૨૦૦૯ના રોજ ગિરનારની તળેટીમાં આવેલ રામવાડી ખાતે વરસાદી પિકનિકનું આયોજન કર્યું. વર્ષારાણીને પણ ગિરનારના સાંનિધ્યમાં વરસવાની મજા આવતી જ હોય! કાશ, જે.જે.સી.-જૂનાગઢ (શ્રી દિલીપ પીપલિયા, રાજુ ચાંગાણી, જયેશ અવલાણી) તેમની ગિરનાર પરની મોનોપોલી બાજુમાં રાખી બધાં જૈન જાગૃતિ સેન્ટરોને આ મજા લૂંટવાની પરમિશન આપતા હોય!!

### જે.જે.સી. - ગોલ્ડન ગારોડિયા

પ્રવાસમાં ધર્મની આરાધના ઉમેરાય તો તે યાત્રા બને છે. સેન્ટરના ૧૩૦ જેટલા ભાવુક સભ્યો સાથે સેન્ટરે શ્રી નાગેશ્વર તીર્થની યાત્રાનું સુપેરે આયોજન કર્યું. છેલ્લાં ૧૫ વર્ષથી જૈનોના શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાનનાં દર્શનનો મહિમા ખૂબ જ છે. મુંબઈથી નાગેશ્વર જવાનું એટલું સરળ છે કે સાંજના ૭ કલાકે ઊપડેલી ટ્રેન (જયપુર સુપર ફાસ્ટ) સવારે ૬.૦૦ કલાકે આલોટ સ્ટેશન પહોંચાડે છે. રિટર્ન મુસાફરી પણ એટલી જ સાનુકૂળ છે. સાંજે ૮.૦૦ વાગ્યે આલોટથી ઊપડેલી ટ્રેન સવારે ૮.૦૦ કલાકે મુંબઈ સેન્ટ્રલ ઉતારે છે. જો આગોતરું આયોજન કર્યું હોય તો મુસાફરીમાં દિવસનો સમય વપરાતો નથી.

નાગેશ્વર ખાતે પણ રહેવા-ઊતરવા માટે આધુનિક સગવડતાવાળી ધર્મશાળા બનાવવામાં આવી છે (જો ધર્મશાળાને Grade અપાતો હોત તો ચોક્કસપણે Three Star આપી શકાય!). જમવાની વ્યવસ્થા પણ સુંદર છે. બધું સંકુલમાં જ છે. દેરાસરમાં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમાના પ્રભાવ વિશે અવસરે લખીશું.

દેરાસરમાં દર્શન-ભક્તિ-સેવાપૂજાનો અનેરો લાભ લઈ બધા જ સભ્યો કૃતકૃત્ય થઈ ગયા. સમયનું થોડું આયોજન કરીને આજુબાજુનાં ૬૦ કિ.મી.ની રેન્જમાં આવેલ પ્રાચીન દેરાસરોની પંચતીર્થીનો પણ લાભ લીધો.

શ્રી દીપચંદજીએ (મુખ્ય ટ્રસ્ટી) જે.જે.સી.-ગોલ્ડન ગારોડિયાના પ્રમુખ શ્રી બિપીનભાઈ સંઘવીનું શાલ ઓઢાડીને બહુમાન કર્યું હતું.

બધા પ્રકારની સગવડતા પ્રાપ્ત કરવા અગાઉથી જો બુકિંગ કરાવવું હોય તો સંપર્ક સૂત્ર : શ્રી પારસજી (પેઢીના ઇનચાર્જ-મો.નં.: ૦૯૭૮૪૬૮૪૫૬૭, શ્રી દિલિપભાઈ જૈન મો.નં.: ૦૯૮૯૩૬૦૯૫૨૧) જો ૫૦ કરતાં વધારે સભ્યો હોય અને જમવા માટે અલગથી વ્યવસ્થા કરવી હોય તો તીર્થના ટ્રસ્ટની માન્યતા પામેલ કેટરર્સનો સંપર્ક અગાઉથી કરી શકાય, જે ફરમાઈશ પ્રમાણે મેન્યુ બનાવી આપે છે.

તા. ૭-૮-૨૦૦૯ના રોજ જાત્રાએ નીકળેલ સભ્યો તા. ૧૦-૮-૨૦૦૯ના રોજ ખુશ ખુશ થઈને, કોઈ પણ તકલીફ વિના નિર્વિઘ્ને પરત થયા.

(શ્રી રાહુલ દેસાઈ, જે.જે.સી.-ગોલ્ડન ગારોડિયાના રિપોર્ટ પર આધારિત)

ગુજરાતી નાટક

લેખક: પુનિતાબહેન, પંકજભાઈ તથા હેમેશ્વરી શાહ

# જે ભણે તે કુટુંબને તારે

બા : નવકારવાળી ગણાતાં

બાપુજી : ખુરશીમાં બેઠા છાપું વાંચતા

મમ્મી : રસોઈકામ કરતી

પાયલ : કપડાને પ્રેસ મારતી હોય

છની : ઝાપટ-ઝૂપટ કરતી

બા : નવકારવાળી ગણતાં, પાયલ ઓ પાયલ, દીકરા ક્યાં છે તું. મારા માટે એક ગ્લાસ પાણી લાવ ને!

પાયલ : જુઓ ને બા, હું કપડાની પ્રેસ કરું છું. ઓ છની, તને તો કંઈ સંભળાતું જ નથી! આ બા ક્યારનાય પાણી માગે છે તો પાણી આપને.

છની : લીંબુડા વીણવા ગઈ'તી મોરી સૈયર

બા : આખો દિવસ તારો એફ.એમ. ચાલુ જ હોય.

મમ્મી : બા, આ કેરીનો છૂંદો ચાખો તો જરા. એમાં સાકર-મરચું બધું બરાબર છે ને?

બાપુજી : દીકરા તું જે વસ્તુ બનાવે તેમાં કંઈ પૂછવાનું હોય. તારા હાથમાં તો જાદુ છે. જે ખાય તે ખાતો જ રહી જાય.

બા : હા, તારા બાપુજીની વાત સોળે આના સાચી છે. અરે પાયલ દીકરાં, તું કેમ કંઈ બોલતી નથી.

મમ્મી : બા, પરમ દિવસે એનું બારમીનું રિઝલ્ટ છે.

રીના : આવું કે? શું વાત છે, સાસુ-વહુ બધાં ભેગાં મળીને શું ચર્ચા કરી રહ્યાં છો.

રીના : અરે પાયલ, તારું તો પરમ દિવસે રિઝલ્ટ છે, કેમ?

બા : હાસ્તો! એટલે ક્યારનીય ગુમ-સૂમ છે.

મમ્મી : અરે બા, એમાં ચિંતા શું કરવાની હોય. તમને તો ખબર જ છે ને કે આપણી પાયલ ભણવામાં કેટલી હોશિયાર છે.

રીના : અરે મારી ગટુ પણ બે દિવસથી કંઈ ખાતી નથી ને આમ-તેમ આંટા મારીને ખોટું ટેન્શન કરે છે. અરે, જગતમાં જેટલાં દેવ-દેવીઓ હશે ને એ બધાંની માનતા રાખીને બેઠી છે કે આ વખતે બારમીમાં ૯૦%ની ઉપર આવે તો મારે મેડિકલમાં ઍડ્મિશન લેવું છે. અરે હા પાયલ, તું શું કરવાની.

પાયલ : આન્ટી, મારા એવા નસીબ ક્યાં! મેડિકલમાં જવા માટે તો પરસેન્ટેજની સાથે પૈસા પણ જોઈએ ને.

મમ્મી : હા, પાયલ સાચું કહે છે. બિચારી ભણવામાં ખૂબ હોશિયાર છે. બારમી સુધી તો એણે ક્યારેય ટ્યુશન પણ નથી લીધું અને ઘરે આવીને મને કામમાં બધી મદદ કરાવી દે કે વાંચવા માટે સમય પણ ન મળે, છતાં એ આખીય સ્કૂલમાં પહેલો નંબર લાવતી. કેમ, બરાબર ને બા?

બા : હાસ્તે વળી, હા, હવે તો કોઈ સારો છોકરો મળે તો હાથ પીળા કરીને સાસરે વળાવી દઈએ.

છની : એ હે બા, હું તો મજાનાં નવાં ઘાઘરા-ચોળી પહેરીને એનાં લગનમાં સરસ ગીત ગાઈશ.

બા : હા, હજુ તો ભેંસ ભાગોળે ને છાશ વાગોળે જેવી વાત ના કર.

માયા : હા ભૈ, આપણા જેવા સાધારણ ઘરને કોઈ નોકરિયાત મુરતિયો મળે એટલે સમૂહલગ્નમાં પરણાવી દેશું એટલે આપણા માથેથી જવાબદારી પતી.

પાયલ : શું... શું કહ્યું... હું તમને એક જવાબદારી લાગું છું. મારાં કેવાં-કેવાં સપનાં હતાં, હું ખૂબ ભણીશ, ડૉક્ટર બનીશ. હે ભગવાન! હવે તો મારે આવાં સપનાં જોવાનાંય પોસાય તેમ નથી.

રીના : ચાલ, છોડ આ બધું.
ચાલો સાંજના પાંચ વાગ્યા, છે હું ઘરે જાઉં છું. આવજો બા, આવજે માયા.

બાપુજી : ચાલ તારું લિસ્ટ તૈયાર છે તો લાવ. હું બજારે જઈ આવું.

માયા : બેટા! તું શા માટે નર્વસ થાય છે અને હા, તું રિઝલ્ટનું ટેન્શન છોડ, નસીબમાં હશે તે થાશે. ચાલ હમણાં મને ભાખરી શેકાવવા લાગ.

ઘર

મયંક : ઘરમાં પ્રવેશ કરીને, બેટા પાયલ, પાણી લાવ તો.

મયંક : કેમ બેટા? શું થયું? કેમ નર્વસ દેખાય છે? તારી મમ્મીએ કાંઈ કહ્યું. અરે હા, તને રિઝલ્ટનું ટેન્શન છે. તું તો મારી ઘણી હોશિયાર દીકરી છે. મને તો વિશ્વાસ છે કે તું સારા પરસેન્ટેજે પાસ થઈશ.

પાયલ : પણ... પપ્પા

રિઝલ્ટનો દિવસ

પાયલ : મમ્મી, બા, પપ્પા, છની, અરે બધાં ક્યાં ખોવાઈ ગયાં! અરે મારે કોઈ સારા સમાચાર આપવાના હોય ત્યારે જ બધા ક્યાંકના ક્યાંક ખોવાઈ જાય.

આ રહ્યાં બધાં. તારી જ રાહ જોતાં હતાં.

અરે મમ્મી, હું સારા પરસેન્ટેજે પાસ થઈ ગઈ. ખબર છે તમને! કેટલા ટકા આવ્યા મારા ! ૯૨% આવ્યા છે.

પાયલ બધાને પગે લાગે છે.

પાયલ : અરે, પપ્પા જુઓને તમને ખબર છે મારા ૯૨% આવ્યા છે.

મમ્મી : બેટા, અભિનંદન. હું તો જાણતી જ હતી. એટલા માટે જ તો મેં તારી ભાવતી મીઠાઈ મધુરમાંથી મગાવી રાખી છે. લે બેટા મોં મીઠું કર.

પપ્પા : હે... અ... તું તો તારા ભાઈના ત્યાંની જ મીઠાઈ ખવડાવીશ ને?

રીના : અરે, માયા આવું કે? શેની મીઠાઈ ખવાઈ રહી છે.

માયા : રીના જોજો મારી પાયલને ૯૨% આવ્યા છે. તારી ગટુનું શું રિઝલ્ટ આવ્યું છે?

રીના : મારી ગટુના ૮૫% આવ્યા છે.

માયા : લે રીના, તું પણ મોં મીઠું કર.

રીના : ચાલ ત્યારે હું રમીલાને ખબર આપી આવું. આવજે... આવજો બા.

પપ્પા : જોયું બેટા, હું નહોતો કહેતો કે તારા જરૂર સારા માર્ક્સ આવશે. હવે તો તારી મેડિકલમાં જવાની ઇચ્છા પૂરી થશે જ ને? બસ દીકરા, હવે તું એક કામ કર. આ માટે મારે કેટલા રૂપિયાની સગવડ કરવાની રહેશે તે મને જણાવ.

પાયલ : પપ્પા, મારી જાણ મુજબ પ્રથમ વર્ષ માટે લગભગ રૂા. ૨.૫૦ થી ૩ લાખનો ખર્ચ થશે.

માયા : હં... આટલા બધા... આટલા બધા રૂપિયા આવશે ક્યાંથી?

પપ્પા : અરે માયા, શું કામ ચિંતા કરે છે. સૌ સારાં વાનાં થશે.

રાતનું દૃશ્ય

માયા : તમે વાત તો કરી, પણ રૂપિયાની સગવડ કરશો ક્યાંથી?

પપ્પા : જો માયા, મારી પાસે ૫૦,૦૦૦ની F.D. છે, તેમ જ કંપનીમાંથી લગભગ લાખેકની લોન મળી જશે અને બાકી જે રહેશે તે સગાં-વહાલાં પાસેથી ઉછીના લઈ લઈશું.

માયા : ના... ભૈ... આપણે કોઈ સગાં પાસે હાથ લંબાવવો નથી. એક કામ કરો, જુઓ મેં બચતના ૨૫૦૦૦ રૂપિયા બચાવ્યા છે અને આપણા દાગીના વેચીને રૂપિયાની સગવડ કરી દઈશું.

પપ્પા : હા, આનાથી આ વર્ષ પૂરતી સગવડ થશે, પણ આવતા વર્ષે સગાં પાસે હાથ લાંબો કરવો પડશે તો આ વર્ષે જ કેમ ન કરીએ. સગા પાસે માગીએ.

બીજો દિવસ

મયંક : ઘરે આવે છે. મોં પડી ગયું હોય છે.

માયા : કેમ શું થયું? રમેશભાઈએ પૈસા માટે શું કહ્યું.

મયંક : પહેલાં પાણી તો આપ.

માયા : પાણી લાવે છે.

મયંક : હું સગાના ઘરે જઈ આવ્યો. દરેકને કંઈક ને કંઈક પ્રોબ્લેમ છે. હવે આપણે દાગીનો વેચવો જ પડશે.

પ્રીતિ : માયા-મયંકભાઈ બધા ઘરે છો કે?

માયા : અરે આવ પ્રીતિ...

પાયલ બેટા, પાણી લાવ, જો માસી આવ્યાં છે?

પ્રીતિ : અરે પાયલ, તારું તો આજે રિઝલ્ટ હતું ને? શું આવ્યું?

પાયલ : જુઓ ને માસી મારા ૯૨% આવ્યા.

માયા : અરે પ્રીતિ, લે મોં મીઠું કર.

પ્રીતિ : અરે, અભિનંદન બેટા. મને ખાતરી હતી જ કે તારા સારા પરસેન્ટેજ જરૂર આવશે. માયા, હવે તો પાયલને મેડિકલમાં જવાનું પાકું ને? બધી સગવડ તો થઈ ગઈ છે ને?

માયા : અરે પ્રીતિ, આમ તો સગવડ થઈ ગઈ છે પણ...

પ્રીતિ : પણ... પણ શું?

મયંક : આમ તો થઈ ગયું છે. થોડાક રૂપિયા ઘટતા હતા જે હું સગાં-વહાલાં પાસે માગવા ગયો હતો, પણ તેઓએ ના પાડી દીધી એટલે હવે દાગીના વેંચીને સગવડ કરવી પડશે.

પ્રીતિ : અરે, મયંકભાઈ દાગીના વેચવાની જરૂર નથી. ગઈ કાલે હું જૈન જાગૃતિ સેન્ટર દ્વારા આયોજિત નિમેષભાઈ અમદાવાદવાળાની શાતાવેદનીય

શિબિરમાં ગઈ હતી. ત્યાં મેં સાંભળ્યું હતું કે તેઓ એજ્યુકેશન લોન પણ આપે છે અને આજે સવારે પૂજા કરવા ગઈ હતી ત્યાં દેરાસર પર બેનર પણ વાંચ્યું કે તેઓ જૈન વિદ્યાર્થીઓને વગર વ્યાજે લોન આપે છે.

મયંક : પણ પ્રીતિબહેન, તેઓ તેમના સભ્યને જ આપતા હશે ને?

પ્રીતિ : ના, એવું નથી. તેઓ કોઈ પણ જૈનનાં દીકરા-દીકરીને ભણવા માટે લોન આપે છે. મયંકભાઈ, તમે એક કામ કરો. જૈન જાગૃતિ સેન્ટરના પ્રમુખને હું સારી રીતે ઓળખું છું. જો તમે કહેતા હો તો આજે જ તેમને મળી આવીએ.

માયા : હા હા, ચાલો ને આપણે મળી આવીએ. અરે હા, પાયલ તું પણ સાથે ચાલ.

પ્રીતિબહેન, માયા તેમ જ મયંક પાયલ સાથે જૈન જાગૃતિ સેન્ટરના પ્રમુખને એજ્યુકેશન લોન માટે મળવા જાય છે. ત્યારે તેઓ જણાવે છે કે સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅન શ્રી જિતુભાઈ કોઠારી થોડીક વારમાં આવવાના છે અને તેટલામાં જ જિતુભાઈનો પ્રવેશ થાય છે અને જિતુભાઈ તેમને એજ્યુકેશન લોન માટે માહિતગાર કરે છે તે મુજબ મયંકભાઈ લોનની અરજી કરે છે અને પાયલની લોન પાસ થઈ જાય છે અને તે અમદાવાદ મેડિકલમાં ભણવા જાય છે.

પાંચ વર્ષ પછી

માયા : બા-બાપુજી, તમને ખબર છે ને કે આજે આપણી પાયલ આવવાની છે.

બા : હા દીકરા, અમે પણ રાહ જોઈ રહ્યાં છીએ.

માયા : અરે તમને યાદ છે ને કે આજે આપણી લાડલી પાયલ આવવાની છે.

મયંક : અરે એટલે જ તો આજે હું ઘરે છું. આપણી દીકરી આવવાની છે માટે.

પાયલ : બા-બાપુજી, મમ્મી-પપ્પા-છની કેમ છો બધાં?

માયા : આવ દીકરા, કેમ છે?

પાયલ : મઝામાં.

મયંક : બેટા, રસ્તામાં કાંઈ તકલીફ તો પડી નથી ને?

પાયલ : ના પપ્પા, બધું OK હતું.

મયંક : તું જે ગુડ ન્યૂસ કહેવાની હતી તે શું હતા.

પાયલ : પપ્પા, મેં તમને વાત કરી હતી. મને વાપી સૃષ્ટિ હૉસ્પિટલમાં રૂા. ૨૦,૦૦૦ની જોબ મળી છે.

મયંક : અરે આપણા નિયૂતભાઈ ત્યાં જ છે. હું તેમને સારી રીતે ઓળખું છું.

બા : હાશ, હવે આપણા સુખના દિવસો આવશે. માયા, હવે આપણે ઘરમાં જે કાંઈ વસાવવું હશે તે લઈ આવીશું.

પાયલ : ના બા – તમને તો ખબર છે ને મારા માથે દેવું છે.

બા : શેનું... દેવું.

પાયલ : મેડિકલમાં ભણવા માટે જૈન જાગૃતિ સેન્ટરમાંથી લોન નો'તી લીધી? મારી ઇચ્છા છે કે હવે આપણે ઘરમાં કાંઈ વસાવતાં પહેલાં મારે તે લોનના રૂપિયા ચૂકવી દેવા છે. બાપુજી, એટલું જ નહીં, તેનાથી વધુ રકમ હું આ સંસ્થાને આપવા ઇચ્છું છું. જેથી મારા જેવા દરેક વિદ્યાર્થીને તેનો લાભ મળે. તારા ખૂબ ઉમદા વિચાર છે દીકરા.

મયંક : વાહ, જોયું બા, છોકરી કેવી હોશિયાર થઈ ગઈ.

સારાંશ : આવા કેટલાય વિદ્યાર્થીઓ ઉમદા આશયથી જૈન જાગૃતિ સેન્ટરમાંથી એજ્યુકેશન લોન લઈ ભણીને આગળ આવે છે. તેમ જ સમયસર લોનની ચુકવણી કરે છે અને પોતાનો પણ ફાળો આપીને આ પ્રક્રિયાને આગળ ધપાવે છે.

---

## જ્યારે મેં 'નિજ'માં નિહાળ્યું

જ્યારે મેં 'નિજ'માં નિહાળ્યું
વરસો પછી ઑડિટરની આંખે
જીવનનું સરવૈયું જોયું
તો સંબંધોને 'એસેટ્સ'ને બદલે
'લાયાબિલીટીઝ'માં જોયા
પ્રેમ લાગણી ઉષ્મા અને
કર્તવ્યનિષ્ઠાના ખાતાઓ ગાયબ
આશ્ચર્ય થયું! ખરેખર આઘાત લાગ્યો!
મન-મુનીમને બોલાવીને પૂછ્યું
તો પળમાં જ એ બોલ્યું
મહાનુભાવ, વરસોથી એમની સાથે
કોઈ લેવડદેવડ થઈ નથી
હૃદય બાપડું શૂન્યમાં સર્યું!
ને જીવનમાત્ર વર્ષોથી જ ભર્યા જેવું થયું
આમ અર્થવિહીન જીવન બોજ બન્યું
વૃદ્ધત્વનું ગૌર ઘડપણમાં રોળાઈ ગયું.

■ માણેક શાહ

# શિક્ષણ અને સંસ્કાર

■ ડૉ. ભરત એન. શાહ, થરા

શિક્ષણ અને સંસ્કાર બંને અલગ-અલગ છે તેમ તેનાં પરિણામો પણ અલગ-અલગ મળે છે.

શિક્ષણ આવશ્યક જરૂર છે, પણ સંસ્કાર તો અનિવાર્ય છે. શિક્ષણ કદાચ ન મળે તો ચાલી શકે, પરંતુ સંસ્કાર ન મળે તે ન ચાલે, માટે મનુષ્યમાત્રની પ્રાથમિક જરૂરિયાત એ સંસ્કાર છે. શિક્ષણ પછીના ક્રમે આવે છે, કારણ શિક્ષણ વગરના સંસ્કાર ક્યારેય નુકસાનકારક નથી હોતા, પરંતુ સંસ્કાર વગરનું શિક્ષણ નુકસાનકારક હોઈ પણ શકે.

તે જ રીતે શિક્ષણ સંસ્કાર વગરની વ્યક્તિને આપતાં કદાચ નુકસાનકારક બની શકે, પરંતુ શિક્ષણ સંસ્કારવાળી વ્યક્તિને આપવામાં આવે તો નુકસાનકારક તો ક્યારેય ન જ હોય. ઊલટાનું ઉપયોગી અને વિકાસલક્ષી બની શકે.

અર્થાત્

- એકલું શિક્ષણ નુકસાનકારક હોઈ પણ શકે (Good or Bad)
- એકલા સંસ્કાર ક્યારેય નુકસાનકારક ન હોય. (Always Good Never Bad) પણ
- શિક્ષણ અને સંસ્કાર ક્યારેય નુકસાનકારક નહીં, પરંતુ ઉપયોગી જ હોય છે. (Best only Best))
- શિક્ષણનું ફળ, સંસ્કારવાળી કે સંસ્કાર વગરની વ્યક્તિના હાથમાં જાય છે તેના પર અવલંબિત છે અને બંને પરિણામ વિરોધાભાસી હોઈ શકે છે. (Either Good or Bad respectively)
- જ્યારે સંસ્કારોનું ફળ શિક્ષણ વગરના કે શિક્ષણવાળા પર અવલંબિત ખરું, પરંતુ તે ક્યારેય વિરોધાભાસી નથી હોતું (Either Good, Better or Best but never Bad). જીવનમાં શ્રેષ્ઠ ગુણોનો વિકાસ તો સંસ્કારોથી જ થાય.
- શિક્ષણ આર્થિક કે સામાજિક ઉન્નતિ આપી બાહ્ય અને ભૌતિક સમૃદ્ધિ કે સમાજમાં ઊંચો દરજ્જો આપી શકે, પરંતુ નૈતિક અને આંતરિક સમૃદ્ધિ કે માનસિક શાંતિ માટે સંસ્કાર જ આવશ્યક છે.
- શિક્ષણમાં વિવિધ વિષયોનું જ્ઞાન મેળવી જ્ઞાનવાન બની શકાય, પરંતુ ગુણવાન અને નીતિવાન બનવા માટે સંસ્કાર જ જરૂરી છે.
- શિક્ષણ અહંકારી બનાવી શકે, પણ સંસ્કાર નમ્ર જ બનાવે.
- સ્વાર્થવૃત્તિ શિક્ષણમાંથી પેદા થઈ શકે, પરંતુ સંસ્કાર પરહિતના જ વિચારો આપે.
- બદલો લેવાની ભાવના શિક્ષિતમાં હોઈ શકે, સંસ્કારી તો ક્ષમા આપવામાં જ વિશ્વાસ રાખે.
- શિક્ષણ બુદ્ધિનો દુરુપયોગ શીખવી શકે, પણ સંસ્કારી તો સદુપયોગ જ શીખવે.
- શિક્ષણમાં આદર્શો કિતાબોમાં બંધ હોય છે, જ્યારે સંસ્કારોમાં તે આચરણમાં આવે છે.
- શિક્ષિત પોતાના હક્કો મેળવવામાં જ રચ્યાપચ્યા રહે, જ્યારે સંસ્કારી પોતાની ફરજો પ્રત્યે જ સભાન હોય, હક્ક વિશે નહિ.
- શિક્ષિત અપકારનો બદલો અપકારથી આપવા વિચારે, અપકારનોય બદલો ઉપકારથી આપવાનું વિચારે ફક્ત સંસ્કારી.
- શિક્ષણ દ્વારા પ્રાપ્ત થયેલ જ્ઞાનની વિસ્મૃતિ થઈ શકે છે, જ્યારે સંસ્કારો લોહીમાં વણાઈ જતા હોવાથી જીવન પર્યંત સાથ નિભાવે છે.

**કહેવાય છે કે ''બુદ્ધિ જ્યાં અટકી જાય છે ત્યાંથી ભક્તિ શરૂ થાય છે.''**

અર્થાત્

બુદ્ધિ આપનાર શિક્ષણ જ્યાં થોભી જાય છે, ત્યારે પણ ભક્તિ આપનાર સંસ્કાર તો સદાય સાથે જ હોય છે.

- શિક્ષણ પ્રાપ્ત કરવા માટે વિવિધ વિષયોનુસાર કૉલેજો જરૂરી બને છે. સાયન્સવાળા, આર્ટ્સ કે આર્ટ્સવાળા કૉમર્સનું શિક્ષણ મેળવી ન શકે અથવા તો પસંદગી કરવી પડતી હોય છે, જ્યારે સંસ્કારો માટે કોઈ જ પસંદગી નહિ. એ તો આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ કે અશિક્ષિત બધાને માટે ઉપલબ્ધ બની શકે, અર્થાત્ સંસ્કારો એ સાર્વત્રિક છે, બધાને માટે સરખા જ છે.

આ તો થઈ શિક્ષણ અને સંસ્કારોની અલગ-અલગ વાતો, પણ જો શિક્ષણ અને સંસ્કારોનું સુભગ મિલન થઈ જાય તો ખરેખર સોનામાં સુગંધ ભળે અને શિક્ષણ અને સંસ્કાર બેઉ દીપી ઊઠે. સમગ્ર જીવન દેદીપ્યમાન બને.

એક એકલો સંસ્કારી માણસ સમાજને ઉપયોગી થવાનું અવશ્ય ઇચ્છતો હોય, પણ તેની ક્ષમતા મર્યાદિત હોય છે, પણ જો તેમાં શિક્ષણનો ઉમેરો થાય તો બેશક! તે ઘણા મોટા સમુદાયને બહુ જ સારી રીતે, ઓછા સમયમાં અને વધુ ઉપયોગી થઈ શકે છે, પણ એ સંસ્કૃતિના મૂળભૂત

સિદ્ધાંતોના પાલન સાથેનું શિક્ષણ હોય તો જ, અન્યથા તે સમાજને ઉપયોગી થવાને બદલે વિનાશકારી પણ બની શકે છે.

દા.ત. :

- સુરંગબૉમ્બ પથ્થરો તોડી સરળ માર્ગ બનાવવામાં ખૂબ જ ઉપયોગી, પરંતુ તેનો અસંસ્કારી માણસ નિર્દોષ લોકોના જાન લેવામાં ઉપયોગ કરે.
- વકીલો પોતાની બુદ્ધિનો ઉપયોગ નામચીન ખૂની ગુનેગારોને છોડાવવામાં કરે તો સમાજમાં દૂષણો પેદા થાય, ખૂન કરતાં કે ગુનો કરતાં જરાય ન અચકાય, પરિણામે સમાજને હાનિકારક બને.
- બંધ બાંધી પાણીનો યોગ્ય ઉપયોગ કૃષિ સિંચાઈ વગેરેમાં થાય તે સારી વાત છે, પણ બંધ બાંધવામાં સ્વાર્થવૃત્તિ આવે તો બંધ તૂટતાં જ લાખો માણસોને જાનમાલનું નુકસાન થઈ શકે.
- ટેલિફોન, ઈમેઈલ, ઈન્ટરનેટ, મોબાઈલ આ બધી ટેક્નૉલૉજી સમાજને ખૂબ જ ઉપયોગી છે, પરંતુ અસંસ્કારિત લોકો તેનો ઉપયોગ રોમિયોગીરી કે ચેટિંગમાં કરે તે દૂષણ બને.
- ''સાક્ષરા વિપરીત રાક્ષસા'' – શિક્ષણ અયોગ્ય હાથોમાં હોય યા વિપરીત રીતે વપરાય તો રાક્ષસો પેદા કરે છે.

આજે સમગ્ર વિશ્વના કાજી બની બેઠેલા અમેરિકાને શાનો ભય છે? અણુબૉમ્બનો? ના... પણ અણુબૉમ્બ ઈસ્લામિક આતંકવાદીઓના હાથમાં ન જવો જોઈએ તેનો, કારણ તેઓ જાણે છે કે એ અસંસ્કારી લોકો છે. ખૂનામરકીમાં જ વિશ્વાસ રાખે છે. સમગ્ર પૃથ્વી પર હાહાકાર મચાવી દે, લાશોથી જમીન ઢંકાઈ જાય એટલે શિક્ષણ એ અણુબૉમ્બ છે. ઈસ્લામિક હાથોમાં તે વિનાશકારી બની શકે છે, પણ સંસ્કારી એવા ભારતના હાથમાં હોય તો તે સલામત છે. સમગ્ર વિશ્વ માટે ખતરારૂપ નથી.

રામાયણના શિવધનુષ્યભંગનો પ્રસંગ યાદ કરો. તેમાં રાવણ પાસે શિવધનુષ ઉઠાવવાની ક્ષમતા હોવા છતાંય સંસ્કારોના અભાવે, અહંકારથી મત્ત બનીને આવ્યો તેથી નિષ્ફળ રહ્યો, જ્યારે સંસ્કારી રામે આદર સહિત ધનુષને પ્રણામ કર્યા પછી ઉઠાવ્યું તો સફળ થયા. એટલે સંસ્કારી હાથોમાં શક્તિ હંમેશાં સફળતા અપાવે.

શિક્ષણ જો સુપાત્રને દાન થાય અર્થાત્ સંસ્કારવાળાને તો Constructive અને કૃપાત્રને દાન થાય તો Destructive બની શકે.

રંગોની ભાષામાં સમજવું હોય તો સંસ્કાર એ મૂળભૂત લાલ-પીળો-વાદળી રંગ સમાન છે. એમાં યોગ્ય જ્ઞાનના આધારે મેળવણી કરીએ તો ત્રણમાંથી ત્રેવીસ વિવિધ રંગોનું સર્જન કરી કૃતિને આકર્ષક રંગીન બનાવી શકીએ. અન્યથા ત્રણ રંગો સિવાયની વિવિધતા લાવી ન શકીએ અને જો ગમે તેમ જ્ઞાન વગર મેળવણી કરીએ તો કૃતિને રંગીન કે આકર્ષક બનાવવાને બદલે ડાઘાડૂઘીવાળી અને કદરૂપી બનાવી દઈએ.

ઉપરોક્ત બધી વાતોથી સ્પષ્ટ બને છે કે સંસ્કારો તો અનિવાર્ય છે જ. તેમાં જો શિક્ષણ ઉમેરાય તો બૃહદ્ રીતે ઉપયોગી અને વિકાસલક્ષી કાર્યો થઈ શકે.

આપણે જાણીએ છીએ કે વિશ્વમાં કહેવાતી મહાન કેટલીય સંસ્કૃતિઓ આજે નામશેષ બની ગઈ છે. જ્યારે લાખો-કરોડો વર્ષોથી વિવિધ આક્રમણો ચાલુ હોવા છતાંય આપણી ભારતીય સંસ્કૃતિ આજે પણ ચિરંજીવ છે અને ટકી રહી છે. તેની પાછળનું કારણ એક જ છે કે હજારો વર્ષોથી ઋષિમુનિઓની તપસ્યા તથા સાધના અને ચિંતન દ્વારા નવનીતરૂપ તારણો આપીને જે સંસ્કૃતિ વિકસાવી છે તે આજે પણ આપણા લોહીમાં એકરૂપ થઈને વહી રહી છે.

અને તેને વહેતી રાખવા માટે ભૂતકાળમાં આપણે ત્યાં શિક્ષણ અને સંસ્કારના સમન્વય માટે આશ્રમ-ગુરુકુળોની વ્યવસ્થા હતી. તેમાં બેઉનો સુભગ સમન્વય કરી બાળક પુખ્ત બની સમાજમાં આવતો અને સમાજોપયોગી, રાષ્ટ્રોપયોગી કાર્યો કરી પોતાનું યોગદાન આપતો.

આપણે પણ એ જ રસ્તે જવું રહ્યું. ત્યારે જ આપણી સંસ્કૃતિના સુવર્ણયુગને આપણે ફરીથી લાવી શકીશું.

અંતે ટૂંકસાર,

- મારું છે અને મારે વાપરવાનું છે તે પ્રકૃતિ છે અર્થાત્ ફક્ત સંસ્કાર છે.
- મારું તો મારું પણ તારામાં પણ મારો ભાગ તે વિકૃતિ છે. અર્થાત્ સંસ્કાર વગરનું શિક્ષણ છે અને
- મારામાંથી પણ મારે બીજાને કાંઈક આપવું જોઈએ તે સંસ્કૃતિ છે. અર્થાત્ સંસ્કાર સાથેનું શિક્ષણ.

મિત્રો, નક્કી કરો કે આપણે સૌએ, ચાહે પ્રકૃતિમાં હો કે વિકૃતિમાં, પણ હવે જવું છે સંસ્કૃતિમાં, એ ચોક્કસ છે.

સંસ્કૃતિમાં પહોંચવાના આપણા નિર્ણયને સફળતા મળે એ જ અભ્યર્થનાસહ વીરમું છું...

અસ્તુ.

# "જ્યોત"

# જ્ઞાન અને અજ્ઞાન

જય જિનેન્દ્ર,

જ્ઞાન મહાન માણસને નમ્ર બનાવે છે, સામાન્ય માણસને નવાઈ પમાડે છે અને લઘુ માણસને ગર્વિષ્ઠ કરે છે. હકીકતમાં જે મસ્તક શાણપણ અને જ્ઞાનથી છલોછલ હોય તેમાં અહંકાર માટે કશી જગ્યા રહેવા પામતી નથી. આજના યુગની મુશ્કેલી એ છે કે આપણાં ભેજાં જ્ઞાનથી ભરેલાં છે, પણ આપણાં હૈયાં ખાલીખમ છે. ખરેખર આજનો યુગ જાગરૂકતાનો યુગ છે. આપણે કેટલું બધું જાણીએ છીએ અને કેટલી કમી લાગણી અનુભવીએ છીએ. શાણપણ વિનાનું જ્ઞાન એ એટલું જ જોખમી છે જેટલી બ્રેક વિનાની ગાડી. તે લગામ વિનાના ઘોડા પર સવારી કરવા જેવું છે. જે માણસ બધું જ જાણતો હોય તેણે ઘણું શીખવાનું હોય છે. તમે ખાસ જાણતા નથી એટલુંય તમે જાણતા હો તો તમે બીજા અનેક લોકો કરતાં વધુ જાણો છો. જ્ઞાની પંડિત એટલું તો સમજે જ છે કે ''મારા જ્ઞાન કરતાં મારું અજ્ઞાન કરોડો ગણું છે.'' ટૂંકમાં જે માણસ પોતાની અપૂર્ણતા જાણતો હોય તે માણસ જેટલો પરિપૂર્ણ થઈ શકતો હોય એટલા પ્રમાણમાં પરિપૂર્ણ ગણાય.

કેવું વિચિત્ર કે ''હું કેટલું ઓછું જાણું છું'' એ જાણવા માટે પણ તમારે કેટલું બધું જાણવું જોઈએ. જો તમે બધું જ સમજતા હો તો એક વાત ચોક્કસ છે કે તમે ખોટી બાબતો જાણતા હો. જ્યારે માણસનું જ્ઞાન વ્યવસ્થિત નથી હોતું ત્યારે, જેટલું તેની પાસે વધુ, તેટલો એના મનમાં ગૂંચવાડો વધારે. બધા જ જવાબના જાણકાર હોવું એ કરતાં થોડાક સવાલ પૂછવાનું રાખવું એ બહેતર છે. ટૂંકમાં આપણા જ્ઞાનનો ઉત્તમ ભાગ કયો? જે આપણને શીખવે કે અહીં જ્ઞાનનો અંત આવે છે અને અજ્ઞાનનો પ્રારંભ થાય છે.

ભલે જ્ઞાન થોડું હોય, પણ તેનો સદુપયોગ કરવો વધારે અગત્યનું છે, સંખ્યાબંધ માહિતીઓ એકઠી કરીને તેને બિનઉપયોગી રાખવા કરતાં. હોશિયાર માણસ પોતે જે કંઈ જાણે છે તે બધું જ કહેતો નથી, પણ એ જે કહે છે તે બધું જ જાણે છે, કારણકે સમજણ વિનાનું જ્ઞાન એ તો બેવડી મૂર્ખાઈ છે. જે માણસ પોતે શું કહેવાનો છે તે બરાબર જાણે નહીં ત્યાં સુધી બોલતો નથી તે ખરેખર ભાગ્યશાળી છે, કારણકે માણસ બીજાના જ્ઞાન વડે જ્ઞાનસંપન્ન થઈ શકે છે, પણ બીજાના શાણપણ વડે શાણો થઈ શકતો નથી.

જ્ઞાનરહિત ઉત્સાહ એ પણ ઝનૂન છે અને ઉત્સાહ વિનાનું જ્ઞાન એ પ્રકાશવિહોણી ગરમી છે. જ્ઞાન ત્યારે જ બળ સમાન છે જ્યારે તેનો ઉપયોગ કરી શકાય. ફર્સ્ટ હેન્ડ જ્ઞાન વાપરવાથી તે કદી સેકન્ડ હેન્ડ થઈ જતું નથી... અને અંતમાં તો બધું જ જ્ઞાન મેળવી લીધા બાદ તમે શું શીખ્યા એ જ મહત્ત્વનું છે.

## અજ્ઞાન

માણસ પોતાના અજ્ઞાન અંગે અજ્ઞાન હોય એના જેવું બીજું અજ્ઞાન કયું? માણસ અજ્ઞાન હોય એ કુદરતી છે, પણ તેને એક કારકિર્દી તરીકે અપનાવવી એ મૂર્ખાઈ છે. અજ્ઞાન એ કંઈ બહાનું નથી, નક્કર હકીકત છે. જ્યારે અજ્ઞાન કાર્યરત બને છે ત્યારે એના જેવું જોખમી કશું હોતું નથી. અસંખ્ય માન્યતાઓ દૃઢપણે સ્વીકારાયેલી છે તેમાંથી મોટા ભાગનીનો પાયો અજ્ઞાન પર જ રચાયેલો હોય છે. તમે તમારા અજ્ઞાનનો એકરાર કરવા તૈયાર ન હો તો તમે કદી જ્ઞાન હાંસલ કરી શકશો નહિ. જ્ઞાનને તેની મર્યાદા હોય છે, પણ અજ્ઞાનની બાબતમાં એવું નથી. માણસ પોતાની જાતથી સંતુષ્ટ નીવડે તેમાં એના અજ્ઞાનનો મોટો ફાળો હોય છે. આપણે આપણા પોતાના અજ્ઞાનનો સામનો કરવો પડે એ દુનિયાની કેટલીક કઠણ બાબતોમાંની એક છે. અજ્ઞાનને કોઈ પરિચયની જરૂર નથી, એ તો આપોઆપ જ ઓળખાઈ જાય છે.

અજ્ઞાન અંગે એક બાબત ચોક્કસપણે કહી શકાય કે તેને કારણે ઘણા વાદવિવાદ રસભર્યા થતા હોય છે. તમારી પાસે બહુ ઓછી હકીકતો હોય ત્યારે અભિપ્રાય બાંધવાનું સહેલું થઈ જાય છે. અજ્ઞાન માણસ સાથે દલીલમાં જીતવું અશક્ય છે. ચર્ચા દ્વારા જ્ઞાનનો વિજય થાય છે, અજ્ઞાન દ્વારા દલીલબાજીનો.

જે બાબતો જાણવાપાત્ર ન હોય તેનાથી અજ્ઞાન રહેવું એમાં પણ જ્ઞાનનો ગણનાપાત્ર હિસ્સો રહેલો છે. મોં બંધ રાખવાથી ઘણું અજ્ઞાન બહાર ટપકી પડતું અટકી જાય છે. શાણપણ એટલે ક્યારે અને કેવી રીતે અજ્ઞાન દેખાવું તેની સમજ. અજ્ઞાન જ સંશોધનની મા છે. વિજ્ઞાન એટલે તમે જે જાણતા હો તે, ફિલોસોફી એટલે તમે જે ન જાણતા હો તે. ખરો શિક્ષિત માણસ એ છે કે જે પોતાના અજ્ઞાનનો ઉપયોગ બુદ્ધિપૂર્વક કરવાની કળાને વરેલો હોય તે. અજ્ઞાન એ કંઈ ખરી સમસ્યા નથી, હકીકતમાં આપણે અજ્ઞાન છીએ એવું જ્ઞાન જ સમસ્યા છે.

અને અંતમાં... મૌન એ જ અજ્ઞાન છુપાવવાનો સૌથી સબળ અને સંપૂર્ણ સલામત કીમિયો છે.

*લિ. કિરણ શાહ*

*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ*

# કાંચન અને ગેરુ

*એક જ ગુરુના બે કાબેલ વિદ્યાર્થીઓ જીવનમાં દિગ્વિજય પ્રાપ્ત કરવા નીકળ્યા, પણ બન્નેએ અલગ અલગ રસ્તો પસંદ કર્યો. જયંતે કાંચનનો રસ્તો લઈ કોઈનેય પણ ઈર્ષ્યા આવે તેવાં વૈભવ અને સત્તાની જાહોજલાલી પ્રાપ્ત કરી તો આનંદે જૈન સાધુની જેમ ફક્ત બે જ જોડી વસ્ત્ર સિવાય બધાનો ત્યાગ કરી ગેરુ રંગ અપનાવ્યો. પાંચ વર્ષ પછી બન્ને શિષ્યો અચાનક મળે છે અને પોતે કરેલી પ્રગતિનું સરવૈયું બતાવે છે. વાંચીયે, કોની જીત થઈ ? — તંત્રી*

*(ગતાંકથી ચાલુ...)*

'સાધુ આનંદ? કોણ હશે એ? ખ્યાલ આવતો નથી.' સુખાસનમાં બિરાજેલા શ્રેષ્ઠી જયંતે સમાચાર આપનારને પૂછ્યું. ચંપાના મહારાજા જાતે આવી તેમની સલાહ લઈ ગયા હતા, એ મહત્ત્વની છાપ શ્રેષ્ઠીના મુખ પરથી ખસતી ન હતી.

'ભરતખંડથી આવે છે અને આપને મળ્યા વગર જવાની ના પાડે છે.'

'એવી હઠ શા કામની ?'

'પ્રભાતથી આવી હઠ લઈ એ સાધુ બેસી રહ્યા છે...'

'હાં... હાં... કદાચ હું જેને ઓળખું છું તે આનંદ તો ન હોય? બોલાવો, બોલાવો!'

અનેક વ્યવસાયોમાં ભૂતકાળની ક્ષુલ્લક વાતો અને ક્ષુલ્લક માનવીઓને વીસરી જતા ધનિકોની સ્મૃતિમાં કદી વીજળી ચમકી જાય છે અને કેટલાક ક્ષુલ્લક પ્રસંગો પર પ્રકાશ પાડે પણ છે. શ્રેષ્ઠી જયંતને પોતાનો આશ્રમવાસ અને વિદ્યાભ્યાસ યાદ આવ્યા.

વ્યાપારી વહાણમાં કર્મકાણ્ડી યુવક તરીકે ઊંચકાઈ આવેલા જયંતે ઝડપથી વ્યાપારનાં ઉત્તંગ શિખરો સર કરી દીધાં. કેવી ત્વરાથી તેણે અઢળક ધનસંપત્તિ ભેગી કરી. એ સંપત્તિના બળ વડે કેવી સત્તા પ્રાપ્ત કરી અને કીર્તિની ટોચે તે કેવી સિફતથી ચડી ગયો એની વિગતો વિચારતાં એને થયેલો સ્મૃતિદોષ સહુ કોઈ માફ કરે જ. તે એવા પ્રકાશવર્તુળમાં ઊભો હતો કે તેને જરૂર પોતાનો ભૂતકાળ એક અંધારા ઊંડાણ સરખો જ લાગે.

છતાં તેને આનંદ અંતે યાદ આવ્યો એ જરૂર એની માણસાઈનું જ પરિણામ ગણાય.

આનંદ આવી તેની સામે ઊભો. ભગવું વસ્ત્ર, સહજ કૃશતાનું ભાન કરાવતો દેહ અને શીળું સ્મિત વેરતું મુખ, આનંદને જરૂર ઓળખાઈ શક્યું.

પરંતુ જયંત? દેહમાં વધારેપડતું માસલપણું, વધારેપડતી લાલાશ, હીરા-મોતી અને સોને શણગારેલાં અંગઉપાંગ અને ચારેપાસ ચમકી રહેલો વૈભવ, વિદ્યાર્થી જયંતની એક રેખા પણ રાખી રહ્યાં હતાં કે કેમ તેની આનંદના મનમાં શંકા ઊપજી.

'આ જયંત હશે ?' તેને મનમાં પ્રશ્ન થયો.

'આનંદ! તું ક્યાંથી ?' જયંતે મુખ પર સહેજ પ્રસન્નતા લાવી પૂછ્યું.

'તને જ શોધતો આવ્યો. એકે વર્ષ આપણે આપણા જમાખર્ચનું સરવૈયું એકબીજા આગળ મૂક્યું નહિ.' આનંદે કહ્યું.

'ઓહો! એ જૂની વાત હજી યાદ છે ?'

'જૂની વાત? બહુ વર્ષ થયાં નથી. થોડાં વર્ષમાં તું સંપત્તિને શિખરે બેઠો છે.'

'સંપત્તિ અને સત્તા બન્ને કહે. એ તો ઠીક, પણ આનંદ! તું આવ્યો ક્યારે? મને ખબર કેમ ન આપી? તારા ઉતારાની શી વ્યવસ્થા છે? હવે ભોજન મારી સાથે લેજે.'

'હું રાત્રિભોજન કરતો નથી; એકભુક્ત બની ગયો છું!

'ફળ લેજે, પણ મારી સાથે તો બેસ?' કહી સુવર્ણ પાત્રમાં પક્વાન્ન અને દાળ બન્ને મિત્રોએ સાથે જ આરોગ્યાં.

'કહે, કુશળ છે ?' આનંદે પૂછ્યું.

'સંપૂર્ણ રીતે.'

'ધન કેટલું ?'

'ફેંકી દેતાં ખૂટે નહિ એટલું.'

'ધર્મમાં વાપર્યું કેટલું ?'

'આનંદ! હું ધર્મકાર્ય ચૂક્યો નથી. પંદર દેવસ્થાનો, પચાસ સદાવ્રત, સો પાઠશાળા, હજાર ધર્મશાળા...'

'ઓહો! આટલાં પુણ્યે તો માનવીને મુક્તિ મળે.'

'અરે, એક નહિ, અનેક આચાર્યોએ મારો મુક્તિમાર્ગ સરળ કરી આપ્યો છે. ઇંદ્ર, શંકર અને વિષ્ણુલોક પણ મારે માટે ખુલ્લા છે.'

'વાહ! આચાર્યોએ તને મોક્ષની હૂંડીઓ આપી પણ દીધી ?'

જયંત જાણે સ્વર્ગ, કૈલાસ અને વૈકુંઠ પ્રત્યે કૃપા કરતો હોય એમ હસ્યો.

'બીજું કાંઈ ? સરવૈયામાં ?' આનંદે આગળ પૂછ્યું.

'કોઈને કહીશ નહિ... પરંતુ ચંપાનું રાજ્ય મારે ત્યાં ગીરો મુકાયું છે;' જયંતે કહ્યું.

'એટલે ? મને ન સમજાયું.'

'ચીન અને ચંપા વચ્ચે યુદ્ધ જાહેર થઈ ચૂક્યું જાણજે.'

'એ મને વધારે ગૂંચવનારું કથન.

'તને યાદ છે, મેં આશ્રમ બહાર જતાં શું કહ્યું હતું તે?'

'ફરી કહે.'

'ધન એ જ સાચી સત્તા છે... સર્વ દિગ્વિજયની ચાવી ધન છે.'

'યાદ આવ્યું.'

'આ ધન સિવાય ચંપાના રાજવીથી ચીન સામે યુદ્ધ થાય એમ નથી. હું તેમને ધન આપી તેમનું રાજ્ય અને તેમની સત્તા ગીરવી લઉં છું.

'એમ? સંભવ છે કે તું ચંપાનો રાજવી પણ બની જાય.'

'એ જ માર્ગે હું જાઉં છું, તું ફરી આવીશ ત્યારે કદાચ જયંતને જ તું ચંપાધિપતિ નિહાળીશ.'

'તેં ધન પણ મેળવ્યું; ધર્મ પણ સાધ્ય કર્યો, સત્તા પણ મેળવી. જયંત, તું શર્તમાં જીતે એમ લાગે છે.' આનંદે સ્મિત ચાલુ રાખી કહ્યું.

જયંતના મુખ પર પ્રફુલ્લતાનો બગીચો ખીલી નીકળ્યો. વિજયનું અટ્ટહાસ્ય તેના કંઠમાં આવી અટકી ગયું. અત્યંત હલકા દેખાવાના ભયે એ હાસ્યને જયંતે જરા રોકી રાખ્યું.

'પણ તું તો કહે. ત્યાગથી તેં કઈ પ્રાપ્તિ મેળવી?' જયંતે પોતાની પ્રફુલ્લતાને વિખરાવા-વેરાવા દઈ પૂછયું.

'કદાચ હતું તે પણ ખોયું! પ્રથમ વસ્ત્ર અને ઉપવસ્ત્ર બે હું ધારણ કરતો; હવે આ ગેરુરંગ્યો એક જ અંચળો મારે પહેરવા માટે રહ્યો છે.'

'હું તને મઠાધિપતિ સ્થાપું. જોઈએ એટલા મઠ, પીઠસ્થાનક...'

'કોઈને પૈસે સ્થપાયેલો મઠ હું કદાચ ગુમાવી બેસીશ; હું તો ત્યાગ અને સમૃદ્ધિ સાથે સાથે જોઉં છું ને?'

'હજી સુધી?' મને, મારા વૈભવને, મારી સત્તાને જોયા પછી પણ?'

'શર્ત તો પાળવી જ રહી; જીવતાં સુધી!

'હજી તને આશા છે કે આ અરણ્યનિવાસ, આ તપ અને આ ત્યાગ તને સમૃદ્ધિ આપશે?'

'આશા ખરી... હજી દિગ્વિજય ઝંખું છું.'

'દિગ્વિજય? હજી હું કાંચનના શિખર પર બેસીને પણ દિગ્વિજય શબ્દ બોલતાં અચકાઉં છું અને તું, આ ગેરુભર્યા અંચળામાં દિગ્વિજય શબ્દનું ઉચ્ચારણ કરે છે?' જયંતે જરા તિરસ્કારપૂર્વક આનંદને કહ્યું.

'દિગ્વિજયની બહુ નજીક તું છે, જયંત! નહિ?'

'હા. આવતી કાલ સવારે જો તું મળ્યો હોત તો હું તને મારા દિગ્વિજયની કથા સંભળાવત. ભરતખંડનો એક વિદ્યાર્થી પરદેશ જાય, પરદેશમાં જઈ જગતવિખ્યાત શ્રેષ્ઠી બને, ચીન અને ચંપા જેવાં રાજ્યોને હલાવી નાખે અને એ રાજ્યોની માલિકી સુધી પહોંચે, એનાથી મોટો દિગ્વિજય ઇતિહાસમાંથી તું શોધી કાઢજે!'

'તો અત્યારે જ દિગ્વિજયની વાણી કેમ ઉચ્ચારતો નથી?'

'ઉચ્ચારી શકું એમ છું... પણ... કોઈને કહેતો નહિ... એક જરાસરખો રહી ગયેલો ગાળો આજ રાતમાં પૂરો થશે.'

'હું કોઈને નહિ કહું, જયંત! એ ગાળો કયો બાકી છે?'

'ચંપાનરેશની કુંવરીનું મારી સાથે લગ્ન નક્કી છે. અત્યાર ચંપાનરેશે આવી એ જ વાત કરી... અને, અહં... જરૂર પડશે તો બળજબરીથી પણ કુંવરી મને સોંપી દેશે... તે સિવાય સૈન્ય માટે પૈસા રાજાને મળશે નહિ જ.'

'એ...મ! ત્યારે તારા ધનની એક અશક્તિ તો અત્યારે જ દેખાઈ આવી.' આનંદે કહ્યું.

'શી અશક્તિ?'

'કુંવરીનો પ્રેમ તારા ધનથી ન જીતી શકાયો તે.'

'દેહની પાછળ પ્રેમ આપોઆપ આવશે.'

'એ હું માનતો નથી અને... કદાચ કુંવરીનો દેહ પણ તારા હાથમાં નહિ આવે!'

'શું? શું કહે છે તું?' જયંતે ચમકીને પૂછ્યું અને સ્મિતભર્યો આનંદ કાંઈ જવાબ આપે તે પહેલાં જ જયંતનો મુખ્ય મુનીમ અંદર ધસી આવ્યો અને ભર્યે શ્વાસે બોલી ઊઠ્યો : શ્રેષ્ઠીજી! બાજી ઊંધી વળી.'

'થયું શું?'

'રાજકુંવરીએ આજે સવારે ભિખ્ખુણીની દીક્ષા લઈ મઠપ્રવેશ કર્યો છે.' મુનીમે કહ્યું.

'અને એ દીક્ષા મેં આપી છે, એ કહેવા માટે તો હું અહીં સવારનો રખડું છું.' આનંદે વચ્ચે જ હકીકત કહી.

'આનંદ? તું? મારા માર્ગમાં? પેલી તલવાર લાવો, મુનીમજી!' જયંતે કહ્યું. એના મુખ ઉપર નિરાશાએ પ્રગટાવેલો ક્રોધ પ્રજ્વળી રહ્યો.

'તને ખબર નહીં હોય, જયંત! પણ હું તો અહીં આવ્યો છું ત્યારથી મારું મસ્તક હાથમાં જ રાખીને આવ્યો છું!' આનંદે કહ્યું.

'તને મૃત્યુનો ભય નથી શું?'

'ના, મૃત્યુનો ભય શા માટે? જીવનનું અંતિમ કાર્ય

એટલે મૃત્યુ. આજ નહિ આવે તો ગમે ત્યારે જીવન તે મેળવશે જ! નહિ?' આનંદે કહ્યું.

'અને બીજા સમાચાર, શ્રેષ્ઠીજી! રાણીજીએ અહિંસાધર્મ સ્વીકાર્યો અને મહારાજને તે સ્વીકારવા વિનવી રહ્યાં છે... કદાચ ચંપા અને ચીન વચ્ચેનું યુદ્ધ બંધ પણ રહે.'

'આનંદને મારી નજર આગળથી દૂર કરો! લઈ જાઓ! ધક્કો મારો!' જયંતે વધારે ઉશ્કેરાઈને બૂમ પાડી.

'તારા ધનથી બે દિગ્ ન જિતાઈ! સમજી લે, જયંત! ધનથી બધું જિતાશે; પણ ધનથી પ્રેમ અને મોત જિતાશે નહિ. તારું ધન એ બન્ને જીતે તે દિવસે હું પાછો આવીશ અને આપણે આપણી પ્રાપ્તિનું સરવૈયું કાઢીશું.' આનંદે કહ્યું અને તે પાછો ફર્યો.

સાધુ આનંદની વાણી, પ્રતિષ્ઠા મહારાણી સુધી પહોંચ્યાં. તેમણે ત્રણેક દિવસથી આનંદનાં વ્યાખ્યાનો સાંભળ્યાં. કુંવરીને એ વ્યાખ્યાનો સાંભળી આવેલો વિરાગ એટલો તીવ્ર બન્યો કે આનંદની અનિચ્છા છતાં તેને સાધ્વીની દીક્ષા આપવી પડી.

આનંદે એ પણ જાણી લીધું હતું કે ધનમત્ત જયંત કુંવરીની ઇચ્છા વિરુદ્ધ લગ્ન કરવા માગે છે અને ચીન જીતવાની ધનસગવડમાં ચંપાના રાજવીને યુદ્ધમાં પ્રેરે છે. જયંત તેનો મિત્ર હતો, પરંતુ... આખું જગત તેનું મિત્ર હતું. કુંવરીને દીક્ષા આપવામાં એક પ્રેમવિહીન લગ્ન એણે અટકાવ્યું અને અર્થવિહીન ચીન-ચંપાનો સંહાર અટકાવ્યો.

શ્રેષ્ઠીના મહાલયની દીપમાળા ઘુમ્મટ અને શિખરોના સુવર્ણ કળશને ઝગારો આપી રહી હતી. સુવર્ણકળશને આંખો આવી! એક ગેરુભર્યો અંચળો વિજયપગલાં પાડતો મહાલયના દરવાજા બહાર ચાલ્યો જાય છે એ કળશે જોયું.

સુવર્ણ ઝાંખ્યું પડ્યું. કાંચનને ગેરુની અદેખાઈ આવી.

# શ્રદ્ધાંજલિ



**શ્રી રમણીકલાલ છગનલાલ દેસાઈ**
**(ઉં.વ. ૭૬)**

તા. ૦૮-૦૯-૨૦૦૯ના રોજ જૈન જાગૃતિ સેન્ટરે એક કાબેલ રાહબર અને સ્પષ્ટવક્તા શ્રી રમણીકલાલ છગનલાલ દેસાઈને કાયમ માટે ગુમાવ્યા. શ્રી રમણીકભાઈએ વર્ષ ૧૯૮૮-૧૯૮૯ દરમિયાન જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅનપદે સંસ્થાની ધુરા સંભાળેલી. તેઓએ પૉઝિટિવ થિંકિંગ, પૉઝિટિવ પર્સનાલિટી અને પૉઝિટિવ એટીટ્યુડ વડે સુખી-સંતોષી જીવન જીવવાની જડીબુટ્ટી પ્રાપ્ત કરેલ. તેઓ ડાયનેમિક વિચારધારા ધરાવતા હતા.

જૈન હોવાને પ્રતાપે તેઓ સમાજમાં પરિવર્તન લાવવામાં સદાય પ્રયત્નશીલ રહેતા. કોઈ પણ વિષય પર ઊંડાણથી ચિંતન કરી તેને આકર્ષક શૈલીમાં રજૂ કરવાની તેમની આવડતથી મંચ પરથી જ્યારે માઈક હાથમાં લે ત્યારે તેમની અસ્ખલિત, રસપ્રચુર વાણીથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દેતા. તેઓ ઘણી બધી સંસ્થાઓના સ્થાપક તરીકે સંકળાયેલા હતા. સંસ્થાઓના કાર્યકર્તાઓ-સ્વયંસેવકો પાસેથી કામ લેવાની તેમની આગવી સૂઝને લઈને દરેક સંસ્થા મજબૂત બની જતી.

જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડના તેમના કાર્યકાળ દરમિયાન યુવાનોને સાંકળી લઈને જૈન જાગૃતિ સેન્ટરોને ટૂંકા સમયગાળામાં નવી દિશા આપેલી. તેઓ જૈન જાગૃતિ સેન્ટર-ઘાટકોપરના પ્રમુખપદે રહી ચૂક્યા હતા. તે દરમિયાન ઘાટકોપર ખાતે અન્ય પાંચ સેન્ટર સ્થાપવામાં તેમની ભૂમિકા નોંધનીય છે. જે.જે.સી.માં યુવામેળા અને સમૂહલગ્નના આયોજનમાં તેમનો ફાળો ઉલ્લેખનીય રહ્યો છે. વ્યવસાયે તેઓ આયાત-નિકાસનો બિઝનેસ કરતા હતા.

આવા સદા હસમુખા શ્રી રમણીકલાલ છગનલાલ દેસાઈને ગુમાવતા સંસ્થા અત્યંત દુઃખની લાગણી અનુભવે છે. જે.જે.સી.નાં ૧૩૧ સેન્ટરના ૬૨,૦૦૦ સભ્યો નતમસ્તકે તેમને ભાવાંજલિ આપે છે અને તેમનો દિવંગત આત્મા જ્યાં પણ વિચરતો હોય ત્યાં પરમ શાંતિ પામે એવી પરમ કૃપાળુ અરિહંતને પ્રાર્થના કરે છે.

# HIGHER EDUCATION DONATION - 2009

## JJC - MUMBAI

| | |
|---|---|
| Neelaben Bipin Doshi | 5000 |
| Well Wisher | 5000 |
| Kokilaben Nagindasbhai Mehta | 1001 |
| Vihanbhai Dhavalbhai Mehta | 1000 |
| Dhavalbhai Rajeshbhai Mehta | 1000 |
| Krinaben Dhavalbhai Mehta | 1000 |
| Niravbhai Rajeshbhai Mehta | 1000 |
| Asthaben Niravbhai Mehta | 1000 |
| Parulben Shaileshbhai Kadakia | 2500 |
| Shaileshbhai Natwarlal Kadakia | 2500 |
| Harishbhai K. Doshi | 2500 |
| Vinodiniben Saudaghar | 1000 |
| Kishorbhai T. Doshi | 1000 |
| Bhawarlalbhai Shah | 1000 |
| Rashmikaben Sharadbhai Shah | 1000 |
| Pragyaben Ravindrabhai Shah | 1000 |
| Mahendrabhai S. Shah | 1000 |
| Kantilalbhai Panchal | 1000 |
| Kishorbhai T. Doshi | 1000 |
| Dilipbhai Kantilalbhai Shah | 1000 |
| Sureshbhai Doshi | 1000 |
| Mafatlalbhai H. Shah | 1000 |
| Well Wisher | 500 |
| Gunvantbhai Vora | 1000 |
| Hastimalji Hajarimalji Jain | 1000 |
| Shardaben Vadilalbhai Vora | 1000 |
| Vinaben Sureshbhai Shah | 1000 |
| Mukesh Navinchandra Jhaveri | 501 |
| Sarojben Dilipbhai Shah | 1000 |
| Dharmisthaben Surendra Shah | 500 |
| Kalavatiben P. Sanghvi | 1000 |
| Dhirajlalbhai R. Shah | 1000 |
| Mafatlal H. Shah | 1000 |
| Karulaben Shantilal Shah | 500 |
| Jawaharlal Harakhchand Shah | 2000 |
| Jethmalbhai M. Sanghvi | 1000 |
| Well Wisher | 2500 |
| Shilpaben Shah | 2100 |
| Bhadrakumar Bangdiwala | 1000 |
| Ramesh G. Vasa | 15000 |
| Jyotsna Narendra Modi | 2000 |
| Jitubhai Mehta | 11000 |
| Bharat Bhushan C. Shah | 2500 |
| Jayant Hariprasad Solanki | 11000 |
| Jawanmalbhai D. Surani | 1000 |
| Pravin Babulal Shah | 1000 |
| Vipinchandra S. Sanghvi | 2500 |
| Sunil Bhogilal Shah | 11000 |
| Ashwinaben Samir Parekh | 5000 |
| Jyotin Jaisukhlal Doshi | 101111 |
| Prabodh Muktilal Kothari | 11000 |
| Shambhai Nenshi Vora | 5000 |
| Pragna Pankaj Kothari | 5000 |
| Milan G. Parikh | 2000 |
| Suryakant C. Shah | 1000 |
| Kokilaben Ashwin Shah | 1000 |
| Prakash D. Shah | 5000 |
| Nayomiben Mitul Doshi | 1000 |
| Vinod M. Shah | 5000 |
| Sharmila Amit Patel | 5000 |
| Nitin P. Kacheria | 11000 |

## JJC - JUHU BEACH

| | |
|---|---|
| Satish A. Vora | 11000 |
| Amit Anoopchand Dagli | 5000 |
| Rajesh V. Shah | 3600 |
| Shirish V. Shah | 3500 |
| Dhiren Doshi | 11000 |
| Ajay Shah | 3501 |
| Delite | 2500 |
| Jayesh J. Patel | 11000 |
| Mahesh C. Bhavsar | 1100 |
| Jaswant M. Shah | 11000 |
| Hitesh Shah | 1000 |
| Piyush B. Shah | 1000 |
| Arun Jobaliya | 2500 |
| Indrajeet Parekh | 1000 |
| Dalichand Shah | 1000 |
| Kainesh Shah | 2500 |
| Hiren K. Doshi | 6000 |
| Uday Chinai | 100000 |
| Jayshree K. Shah | 1000 |
| Kishor S. Doshi | 1000 |
| Bharat Panchal | 200 |
| Kamlesh Shah | 1000 |
| Ketan R. Shah | 5000 |
| Jayesh B. SHah | 1500 |
| Rita Ashok Shah | 1000 |
| Prakash P. Sanghvi | 1000 |
| Hemant Shah | 2500 |
| Sailesh R. Mody | 1001 |
| Jayesh C. Shah | 1000 |
| Vinod N. Mody | 1000 |
| Paras A. Adenwala | 11000 |
| Anil Vora | 1000 |
| VIjay M. Jhaveri | 3000 |
| Dinesh T. Magia | 1000 |
| Mudra Shailesh Shah | 1000 |
| Samir Shah | 1000 |
| Vidyut D. Shah | 1500 |
| Talakshi S. Boyad | 1000 |
| Hitesh S. Mehta | 1001 |
| Mahendra J. Shah | 2000 |
| Anil J. Shah | 2000 |
| Swati K. Shah | 11000 |
| Jayesh Ajmera | 5000 |
| Haresh Parekh | 5000 |
| Navin Shah | 1000 |
| Sheetal Dholakiya | 1000 |
| Yogesh Ghandhi | 5000 |
| P. C. Mehta | 500 |
| Jayesh Timbadia | 5000 |
| Ashwin Shah | 1000 |
| Prasann Broker | 1000 |
| Dhiren K. Chheda | 1000 |
| Kalyanji K. Chheda | 1000 |
| Pramod Shah | 2000 |
| Ramesh Shah | 2000 |
| Dilip Parekh | 2000 |

| | |
|---|---|
| Chandulal Mehta | 2000 |
| Kirit K. Shah | 1500 |
| Neetu C. Mehta | 1000 |
| Pankaj A. Shah | 1000 |
| Deepak K. Kapasi | 500 |
| Bharat Doshi | 1500 |
| Kishor Shah | 1000 |
| Shailesh Shah | 1500 |
| Pravin Shah | 1000 |
| Jignesh Shah | 1000 |
| Deepak Shah | 1000 |
| Vijay K. Shah | 1000 |
| Nilay S. Jhaveri | 1000 |
| Rajan C. Shah | 1000 |
| Nitin Shah | 1000 |
| Kaushik Shah | 1000 |
| Girish R. Shah | 1000 |
| Harshad Doshi | 2500 |
| Yogesh Shah | 1000 |
| Manish Dhruv | 1500 |
| Kirit Shah | 1000 |
| Anil Turakhia | 5000 |
| Rajni A. Ajmera | 1000 |
| Mulchand Gala | 1000 |
| Sanjay Ajmera | 2000 |
| Nilesh Shah | 1000 |
| Hetal Gosalia | 1000 |
| Bhupendra K. Shah | 1000 |
| Bela Hitesh Sanghvi | 1000 |
| Dilip Sakhpara | 5000 |
| Jitubhai V. Maniar | 500 |
| Well Wisher | 1000 |
| Vikas Desai | 500 |
| Ashwin V. Dhruv | 1000 |
| Ashwin Parikh | 5000 |
| Arvind N. Patadia | 1000 |
| Bharat M. Panchal | 2001 |
| Nayana B. Shah | 3000 |
| Pankaj Bhupendra Babulal | 1000 |
| Chandresh Shah | 5000 |
| Deepak Maniar | 1000 |
| D. N. Shah | 1500 |
| Deepak I. Desai | 1500 |
| Harsha H. Doshi | 1000 |
| Haresh V. Parekh | 1000 |
| Haresh Mehta | 11000 |
| Jitendra R. Shah | 2000 |
| Kamlesh Bhavsar | 5000 |
| Kalpesh Khara | 3000 |
| Chirag Kirti Shah | 2500 |
| Kartik R. Shah | 2000 |
| Mrugesh Daftary | 2000 |
| Mukesh Thakkar | 1000 |
| Mukesh Fifadra | 1000 |
| Mukund Shah | 2500 |
| Jyoti N. Shah | 2500 |
| Nayan D. Dhruv | 2500 |
| Nishith Sheth | 11000 |
| Narendra P. Shah | 501 |
| Nitin S. Shah | 2500 |
| Shobhna Shah | 1000 |
| Prajeh Shah | 7000 |
| Pankaj Sanghvi | 5000 |
| Pritam Modi | 1500 |
| Pritesh Shah | 2500 |
| Rajesh Patel | 3000 |
| Rajesh Dhaki | 11000 |
| Sanjeev Parekh | 11000 |
| Subhash Doshi | 1000 |
| Sanjay M. Doshi | 1000 |
| Sonal Satish Doshi | 1000 |
| Shirish Shah | 2500 |
| Hiren Shah | 5000 |
| Snehal P. Shah | 1500 |
| Tarala B. Shah | 1000 |
| Reshi P. Shah | 1000 |
| Vinay H. Doshi | 1000 |
| Vijay Jhaveri | 2000 |
| Yogesh Shah | 1001 |
| Navin Fulchand Shah | 11000 |
| Ashok Shah | 1000 |
| Ashok V. Gosalia | 2500 |
| Anil Patel | 1500 |
| Amit Shah | 1000 |
| Amrut Shah | 3000 |
| Ashit Shah | 1000 |
| Ashok Shah | 1000 |
| Atul Shah | 1000 |
| Amrut Doshi | 1000 |
| Ashish Shah | 1000 |
| Aravindbhai Patadia | 1000 |
| Abhay Devendra Mehta | 500 |
| Anil Jogi | 1500 |
| Bhupendra Ratilal Shah | 1000 |
| Bhupendra Mota | 2000 |
| Bipin Rachi | 1000 |
| Bipin Gandhi | 2000 |
| Chetan Vora | 1000 |
| Chandrakant Gala | 5000 |
| Chetan Shah | 1000 |
| Chetan B. Shah | 5000 |
| Dipesh D. Shah | 2000 |
| Dilip Shah | 1000 |
| Devendra Shah | 1000 |
| Harshil Devendra Shah | 100 |
| Dilip Doshi | 1000 |
| Dilip Shah | 1000 |
| Dilip Vora | 1500 |
| Dinesh Nagda | 2500 |
| Dharmesh Mehta | 500 |
| Deepak Shah | 1000 |
| Dilip Doshi | 1000 |
| Dharmendra | 1000 |
| Devesh S. Doshi | 1000 |
| Deepak Shah | 1000 |
| Well Wiser | 500 |
| Well Wiser | 500 |
| Well Wiser | 1000 |
| Girish Turakhia | 2000 |
| Girish Sanghvi | 1500 |
| Ghanshyam Bhavsar | 2000 |
| Keyur Khantilal Doshi | 5000 |
| Paras (Milind Son Guest) | 1000 |
| Heena Haresh Doshi | 1000 |
| Harit Chitalia | 1100 |
| Hemang C. Parekh | 1500 |

| | |
|---|---|
| Hitesh Bhayani | 1000 |
| Harakh Nandu | 1000 |
| Hasmukh C. Sheth | 1000 |
| Haresh Choksi | 1500 |
| Hemang Shah | 2000 |
| Harish D. Doshi | 1000 |
| Hiren C. Nagda | 1000 |
| Hansa B. Doshi | 1000 |
| Jitendra R. Doshi | 1000 |
| Jatin G. Shah | 1000 |
| Jitendra A. Doshi | 2000 |
| Jignesh Maniar | 1000 |
| Jatin Shah | 1000 |
| Jyotindra Batavia | 2000 |
| Jayesh Shah | 1000 |
| Jiten Shah | 1000 |
| Jayesh C. Parekh | 1000 |
| Kamlesh Doshi | 1000 |
| Kamlesh Kothari | 1000 |
| Kanaiyalal Hemdev | 2000 |
| Ketan Shah | 1000 |
| Kamlesh Mehta | 1000 |
| Ketan Dedhia | 1000 |
| Prafulla Kantilal Shah | 1000 |
| Kunal Kamdar | 2500 |
| Kishor P. Shah | 2500 |
| Kishor Shah | 1000 |
| Kishor Mehta | 1000 |
| Charmi Keval Shah | 500 |
| L. K. Gutka | 1000 |
| Laherchand Godi | 1000 |
| Mahendra R. Shah | 2000 |
| Mahesh R. Mehta | 1000 |
| Mahendra Mehta | 1000 |
| Mrugendra Hathi | 500 |
| Mukesh Parikh | 1000 |
| Manish Hemdev | 2000 |
| Manish R. Shah | 1000 |
| Mukesh Desai | 1000 |
| Minesh Shah | 1000 |
| Mehul R. Shah | 1000 |
| Manish Shah | 1000 |
| Nitin Shah | 1000 |
| Narendra M. Kothari | 500 |
| Navin Chheda | 1000 |
| Nirav Batavia | 2500 |
| Nayan R. Shah | 1000 |
| Nitin P. Shah | 1100 |
| Nalin S. Shah | 1000 |
| Narendra Parekh | 1500 |
| Paresh Vora | 1500 |
| Premal Bhakaria | 1000 |
| Praful Mehta | 1000 |
| Parag Shah | 1000 |
| Pankaj Choksi | 1000 |
| Pankaj Shah | 1500 |
| Pankaj P. Shah | 1000 |
| Well Wisher | 1000 |
| Pankaj Shah | 1000 |
| Praful Savani | 1000 |
| Pravin J. Shah | 2500 |
| Paresh J. Shah | 1000 |
| Parimal Dalal | 1000 |
| Praful Gala | 1000 |
| Pradeep Shah | 1000 |
| Parag Shah | 1000 |
| R. M. Mehta | 2000 |
| Rajesh Shah | 2000 |
| Rohit Shah | 1000 |
| Ramesh Kenia | 1000 |
| Well Wisher | 1500 |
| Rajesh Doshi | 1000 |
| Ravi Hemdev | 2000 |
| Rajendra J. Vasa | 1000 |
| Rajesh Y. Shah | 1000 |
| Samir Shah | 1000 |
| Well Wisher | 1000 |
| Krunal J. Shah | 1000 |
| Seventibhai Van | 1000 |
| Sharad N. Shah | 2000 |
| Shashikant K. Shah | 1000 |
| Shailesh Mehta | 500 |
| Sandeep Shah | 1000 |
| Sandeep Varia | 1000 |
| Sunil Parekh | 500 |
| Sachin Joshi | 1000 |
| Sanjeev Kothari | 1000 |
| Shailesh Kamdar | 1000 |
| T. N. Merchant | 1000 |
| Tushar C. Mehta | 1000 |
| Uday Shah | 1000 |
| Uday N. Shah | 2000 |
| Vipul Dagli | 1000 |
| Vasant Fifadra | 1500 |
| Virendra Sanghvi | 2000 |
| Vijay Jattani | 2000 |
| Vasant Shah | 2000 |
| Vinod Ghandhi | 1000 |
| Viresh Mehta | 1000 |
| Viresh Mehta | 1500 |
| Vikram Sheth | 2500 |
| Vikram Chotalia | 1000 |
| Vasant Shah | 1000 |
| Vipul Mody | 1000 |
| Vipul A. Mehta | 1000 |
| Well Wisher | 5000 |
| Yagnesh N. Jhaveri | 1000 |

## TIME FOR A SMILE

**Two men were out golfing. As one was ready to take his shot, a funeral procession drove by the golf course. The man stopped what he was doing, put down his club, and took off his hat and placed it over his heart.**

**His partner was moved by this and said, "That's the nicest thing I've even seen you do!"**

**The man looked back at him and said, "Well, that's the least I could do after 20 years of marriage..."**

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

લગ્નઈચ્છુક યુવક-યુવતીઓની યાદીમાં છપાવવા માટે નામ મોકલનાર વડીલોને ખાસ વિનંતી કે BIO-DATAમાં મોકલનારનું નામ, સહી તેમ જ ફોન નંબર/મોબાઈલ નંબર સ્વચ્છ અક્ષરમાં મોકલે. જે.જે.સી.- સેન્ટ્રલ બોર્ડની ઑફિસ દ્વારા તેઓનો સંપર્ક ટેલિફોન દ્વારા થયા બાદ જ તેમની વિગત ''જાગૃતિ સંદેશ''માં છાપવામાં આવશે. BIO-DATA મોડામાં મોડા દરેક મહિનાની ૩૦ તારીખ સુધીમાં ઑફિસમાં મળી જવો જોઈએ. મોડી Entry ત્યાર પછીના અંકમાં છાપવામાં આવશે.

## યુવતી

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | હેજલ સુધીરચંદ્ર શાહ, ૪-૪-૧૯૮૨, ૫'-૩''<br>M.Com., C.A., – સર્વિસ | દેરાવાસી જૈન<br>ભરૂચ – અંધેરી | (ઘર) ૨૬૭૭૬૨૭૫<br>(મો) ૯૮૮૦૦૮૦૨૮૯ |
| ૨) | બીના બિપીનચંદ્ર વોરા, ૫-૧-૧૯૮૫, ૫'-૦''<br>B.A., M.A., – (મંગળ છે) | દશા શ્રી. સ્થા. દિગં. જૈન<br>વિંછિયા – રાજકોટ | (ઘર) ૦૨૮૨૧-૨૭૩૪૫૯<br>(મો) ૯૮૯૮૧૩૫૫૨૮ |
| ૩) | પાયલ ગિરીશભાઈ દોશી, ૪-૪-૧૯૮૫, ૫'-૩''<br>B.Com., Sound Knowledge of Computers – | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>અમરાપુર – માંજલપુર | (ઘર) ૦૨૬૫-૨૬૩૧૫૧૯<br>(મો) ૦૯૮૬૭૬૬૦૨૫૮ |
| ૪) | શેફાલી આસ્તિકકુમાર શાહ, ૧૬-૨-૧૯૮૦, ૫'-૨''<br>M.Com., – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ચોટીલા – પુના | (ઘર) ૦૨૦-૨૫૮૭૧૬૪૫<br>(મો) ૦૯૮૫૦૮૧૭૧૨૨ |
| ૫) | તન્વી દીપકભાઈ શાહ, ૨૨-૧૨-૧૯૮૧, ૫'-૧''<br>B.Com., – સર્વિસ | કાંઠા સ. વીસા શ્રી. જૈન<br>સરદારપુર – મુંબઈ | (ઘર) ૨૩૮૫૧૦૦૧<br>(મો) ૯૮૨૧૬૨૦૮૭૨ |
| ૬) | એકતા હસમુખરાય શાહ, ૩૦-૩-૧૯૭૯, ૫'-૧''<br>B.Com., – | ઘોઘારી વીસા શ્રી. જૈન<br>કાજાવદર – બેંગલોર | (ઘર) ૦૮૦-૨૩૪૬૩૦૪૮<br>(મો) ૯૮૮૬૮૪૬૩૦૪ |
| ૭) | અમી મહેન્દ્રભાઈ દોશી, ૨-૬-૧૯૭૮, ૫'-૪''<br>M.Com., – છૂટાછેડા લીધા છે (એક સાત વર્ષની દીકરી છે) | દેરાવાસી જૈન<br>મહુવા – મહુવા | (ઘર) ૦૨૮૪૪-૨૨૨૭૯૨<br>(ઑ) ૦૨૮૪૪-૨૨૨૪૭૦ |
| ૮) | બીના કમલેશભાઈ દોમડિયા, ૧૧-૯-૧૯૮૭, ૫'-૧''<br>H.S.C., – | સ્થાનકવાસી જૈન<br>રાજકોટ – રાજકોટ | (ઘર) ૨૨૨૦૩૪૩<br>(ઑ) ૨૨૨૮૭૩૯ |
| ૯) | દિપાલી બિપીનચંદ ઝવેરી, ૨૬-૪-૧૯૭૬, ૫'-૦''<br>S.S.C. – એક્યુપ્રેસર ટ્રીટમેન્ટ, | સુરત વી. ઓ. શ્વે. જૈન<br>સુરત – મુંબઈ | (મો) ૯૮૨૦૪૯૯૩૫૦<br>(મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |
| ૧૦) | દર્શના વસંતલાલ સોલંકી, ૨૦-૧૦-૧૯૭૨, ૫'-૧''<br>B.Sc., Chemistry - ટ્યુટર | ઝાલાવાડી સ્થા. જૈન<br>સાયલા – મુંબઈ | (ઘર) ૨૨૦૯૪૭૨૪<br>(ઑ) ૨૨૦૫૪૭૬૬ |
| ૧૧) | જલ્પા વિજયકાંત શાહ, ૯-૧-૧૯૭૮, ૫'-૩''<br>B.Com., - Drawing Class, | ઝાલા. સ્થા. વી. શ્રી. જૈન<br>રોજકા – ઘાટકોપર (ઈ) | (ઘર) ૨૫૦૬૧૬૬૮<br>(મો) ૯૮૯૨૦૩૭૧૧૭ |
| ૧૨) | સોનલ અશોકભાઈ મહેતા, ૧૨-૫-૧૯૭૭, ૫'-૨''<br>બી.કૉમ., કૉમ્પ્યુટર ઑપરેટિંગ-ગ્રાફિક્સ-એકાઉન્ટિંગ | દશા શ્રીમાળી વૈષ્ણવ<br>ભુંભલી – ઘાટકોપર | (ઘર) ૨૫૦૬૨૨૨૦<br>(મો) ૯૮૯૨૦૦૨૬૬૦ |

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | સોહિલ ભરતભાઈ શાહ, ૩૦-૯-૧૯૮૨, ૫'-૧૦''<br>બિઝનેસ | શ્રી કાં. સત્તા. વી. શ્રી. જૈન<br>આગલોડ – અંધેરી | (ઘર) ૨૮૩૭૦૯૧૩<br>(ઑ) ૨૨૯૭૮૧૬૦ |
| ૨) | નિર્મલ નલિનભાઈ અજમેરા, ૩-૧૨-૧૯૮૩, ૫'-૭''<br>B.M.S., – સર્વિસ | ઝાલાવાડી દેરાવાસી જૈન<br>વિંછિયા – મુંબઈ | (ઘર) ૨૮૯૮૩૧૪૧<br>(મો) ૯૮૯૨૨૩૦૫૫૫ |
| ૩) | વિક્કી સુબોધભાઈ શાહ, ૧૦-૩-૧૯૮૧, ૫'-૮''<br>B.Com., – બિઝનેસ | દિગંબર જૈન<br>અમદાવાદ – અંધેરી (વે) | (ઘર) ૨૬૩૫૩૩૩૭<br>(મો) ૯૮૧૦૧૧૦૫૨૭ |
| ૪) | જિનેશ રસિકલાલ દેસાઈ, ૨૮-૧-૧૯૭૯, ૫'-૪''<br>B.Com., – સર્વિસ (સગપણ મૂકેલ છે) | શ્રી ઝા. શ્વે. મૂ. પૂ. જૈન<br>બોટાદ – અંધેરી (ઈસ્ટ) | (ઘર) ૨૮૨૨૬૧૯૫<br>— |
| ૫) | શ્રેણિક ભરતભાઈ દોશી, ૨૩-૯-૧૯૮૦, ૫'-૬''<br>M.B.A., – કેમિકલ મેન્યુ. બિઝનેસ (નિર્દોષ સગાઈ મૂકેલ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>અમરાપુર – બરોડા | (ઘર) ૦૨૬૫-૨૬૬૩૬૩૮<br>(મો) ૦૯૮૨૪૦૧૦૯૫૦ |
| ૬) | મિહિર કીર્તિભાઈ શાહ, ૯-૯-૧૯૮૦, ૫'-૭''<br>S.S.C., – ડાયમંડ લેસર ઑપરેટર અને પાર્ટસના ડીલર | ઝાલાવાડી સ્થા. જૈન<br>સુરેન્દ્રનગર – સુરત | (ઘર) ૦૨૬૧-૨૪૯૦૨૭૧<br>— |
| ૭) | મેહુલ મહેન્દ્રભાઈ શાહ, ૨૩-૧-૧૯૮૧, ૫'-૧૦''<br>T.Y.B.Com., – ડાયમંડમાં સર્વિસ (મૅનેજર) | શ્રી દેરા. વીસા ઓસ. જૈન<br>વેરાવલ – બોરીવલી (વે) | (ઘર) ૨૮૯૮૪૩૯૫<br>— |
| ૮) | કેતન મનસુખલાલ શાહ, ૧૨-૬-૧૯૮૩, ૫'-૫''<br>બી.કૉમ., બી.ઍડ., પીજીડીસીએ, માધ્યમિક શિક્ષક | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>વિંછિયા – વિંછિયા | —<br>(મો) ૯૯૯૮૧૬૬૮૬૨ |
| ૯) | કલ્પેશ બિપીનચંદ્ર વોરા, ૯-૧-૧૯૮૨, ૫'-૦''<br>B.Com., – બિઝનેસ | દશા સ્થા. દિગંબર જૈન<br>રાજકોટ | (ઘર) ૦૨૮૨૧-૨૭૩૪૫૯<br>(મો) ૯૮૯૮૧૩૫૫૨૮ |
| ૧૦) | મનીષ મહેન્દ્રભાઈ શાહ, ૧૮-૯-૧૯૭૯, ૫'-૫''<br>M.A., B.Ed., – પ્રાથમિક શિક્ષક | વીસા શ્રીમાળી જૈન<br>વિંછિયા | — |
| ૧૧) | હિમેશ ભૂપેન્દ્રકુમાર બગડિયા, ૧૪-૧૧-૧૯૭૬, ૬'-૦''<br>B.Com., C.A., – સર્વિસ (આસિ. એકા. મૅનેજર) | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>બોટાદ – કાંદિવલી (ઈસ્ટ) | (ઘર) ૨૮૮૭૮૯૮૩<br>(ઑ) ૨૮૩૬૧૩૬૬ |
| ૧૨) | ભૌતિક જિતેન્દ્રભાઈ નાવડિયા, ૨૬-૪-૧૯૮૧, ૫'-૩''<br>S.Y.B.Com., – બિઝનેસ | નવગામ ભાવસાર<br>ભાવનગર – સાંતાક્રુઝ (વે) | (ઘર) ૨૬૦૪૮૭૨૦<br>(મો) ૯૮૧૯૦૦૮૦૪૬ |
| ૧૩) | મનીષ વસંતલાલ સોલંકી, ૧૩-૩-૧૯૬૮, ૫'-૧૦''<br>B.Com., – સર્વિસ | ઝાલાવાડી સ્થા. જૈન<br>સાયલા – મુંબઈ | (ઘર) ૨૨૦૯૪૭૨૪<br>(મો) ૯૮૨૦૬૩૧૪૨૧ |
| ૧૪) | વીરેન પ્રવીણચંદ્ર શાહ, ૧૫-૬-૧૯૭૭, ૫'-૬''<br>પોસ્ટ ગ્રૅજ્યુએટ ઈન કૉમ્પ્યુટર્સ-સોફ્ટવેર ડેવલપર – સર્વિસ | ઝાલા. દ. શ્રી. સ્થા. જૈન<br>થાનગઢ – બોરીવલી | (ઘર) ૨૮૯૮૫૫૬૮<br>(મો) ૯૮૭૦૦૭૯૬૦૮ |
| ૧૫) | પરીન ગોપાલભાઈ શાહ, ૬-૫-૧૯૮૨, ૫'-૫''<br>B.Com., M.Com., MBA, – સર્વિસ | શ્વેતા. મૂર્તિપૂજક જૈન<br>કપડવંજ – ભાઈંદર (વે) | (ઘર) ૨૮૧૮૦૮૬૭<br>(મો) ૯૩૨૪૮૦૯૪૩૫ |

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧૬) | રાકેશ અશોકભાઈ દલાલ, ૧-૮-૧૯૭૬, ૫'-૬''<br>B.Com., – સર્વિસ (બોલવામાં ધીમો-ઘોઘરો અવાજ) | દેરાવાસી જૈન<br>વીસનગર – કાંદિવલી | (ઘર) ૬૫૭૮૨૩૬૬<br>— |
| ૧૭) | તેજસ હસમુખરાય શાહ, ૨૬-૭-૧૯૭૪, ૫'-૧૦''<br>B.Com., – સર્વિસ (Computer) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>કાજાવદર – બેંગલોર | (ઘર) ૦૮૦-૨૩૪૬૩૦૪૮<br>(મો) ૯૮૮૬૮૪૬૩૦૪ |
| ૧૮) | તુષાર હિંમતલાલ શાહ, ૨૭-૪-૧૯૭૫, ૫'-૮''<br>S.Y.B.Com., – | દશા સોરઠિયા વણિક<br>રાજકોટ – રાજકોટ | (ઘર) ૨૫૭૭૨૫૪<br>(ઑ) ૨૫૭૬૯૮૩ |
| ૧૯) | વિશાલ બિપીનચંદ ઝવેરી, ૮-૧૨-૧૯૭૩, ૫'-૫''<br>S.S.C., – (ડાયમંડમાં એસોર્ટર + શૅરબજાર) | શ્રી સુરત વીસા ઓ.શ્વે.જૈન<br>સુરત – મુંબઈ | (મો) ૯૭૬૯૦૫૮૭૧૫<br>૯૯૨૦૬૯૩૩૮૮ |
| ૨૦) | પીયૂષ પ્રવીણભાઈ શાહ, ૨૮-૩-૧૯૭૨, ૫'-૦''<br>૮મું નાપાસ – સર્વિસ | વીસા પોર. પાંત્રીસી જૈન<br>સૌમ – પાટણ | (ઘર) ૨૨૨૭૦૮<br>(મો) ૯૮૯૮૨૧૦૭૭૨ |
| ૨૧) | વિપુલ ભરતભાઈ શાહ, ૨૪-૧૦-૧૯૮૩, ૫'-૫''<br>B.Com., M.Com., Part II, MBA FInance, – (સર્વિસ) | દશા શ્રી. પાં.. દેરા. જૈન<br>જાસલપુર – ગિરગામ | (ઘર) ૨૩૮૬૩૪૦૧<br>(મો) ૯૮૨૦૫૯૮૩૦૫ |
| ૨૨) | સમિત જિતેન્દ્રભાઈ મહેતા, ૧૦-૧૦-૧૯૮૧, ૫'-૩½'<br>H.S.C.-Science, – બિઝનેસ (નિર્દોષ છૂટાછેડા લીધેલ છે) | ઝા.દશા શ્રીમાળી દેરા.જૈન<br>હળવદ – દાદર | (ઘર) ૨૪૧૪૪૫૨૨<br>(ઑ) ૨૩૦૭૪૩૩૩ |


# Navrang Entertainments

Bindu Trivedi-Compere

**ENTERTAINMENT - EVENTS**

**Theme Events, Lagna Geet, Raas-Garba, Stavan-Bhavna, Dairo, Mehandi Geet, Prarthana, Bhajans, Sangeet Sandhya Orchestra Management as per the requirements.**

Tel.: 022-2512 3273
Mobile : 98213 42273 / 98201 25035